RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 45* Date: 11.12.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### લોકશાહીના નવા મંદિરની આધારશીલા મૂકી વડાપ્રધાન બોલ્યા-

# નવા સંસદ ભવનમાં ૨૧મી સદીના ભારતની આંકાક્ષાઓ થશે પૂરી



### સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂમિ પૂજનની સાથે જ નવા સંસદ ભવનની આધારશિલા મૂકી. ચાર માળના સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા છે. વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે ભૂમિપૂજન કાર્યક્રમનો આરંભ થયો અને તેના સંપન્ન થય બાદ શુભ મુહૂર્તમાં વડાપ્રધાને પરંપરાગત વિધિની સાથે આધારશિલા મૂકી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, વિવિધ રાજકીય પાર્ટીના નેતા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રી, મોટી સંખ્યામાં સાંસદ અને અનેક દેશોના રાજદૂત આ ઐતિહાસિક અવસરના સાક્ષી બન્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે અને માઈલસ્ટોન સાબિત થશે. દેશમાં હવે ભારતીયતાના વિચારોની સાથે નવી સંસદ બનવા જઈ રહી છે, આપણે દેશવાસી મળીને સંસદના નવા ભવનનું નિર્માણ કરીશું. જ્યારે ભારત પોતાની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરશે, ત્યારે સંસદની ઈમારત તેની પ્રેરણા હશે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, હું એ પળ ક્યારેય નહીં ભૂલી શકું જ્યારે પહેલીવાર ૨૦૧૪માં સંસદ ભવનમાં આવ્યો હતો.

ત્યારે મેં શિશ ઝુકાવીને નમન કર્યું હતું. હાલના સંસદ ભવને આઝાદીનું આંદોલન, સ્વતંત્ર ભારત, આઝાદ દેશની પહેલી સરકાર, પહેલી સંસદ, બંધારણ રચવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું કે, નવું સંસદ ભવન સમયની માંગ છે પરંતુ જૂના સંસદ ભવનમાં આપણા દેશનો ઈતિહાસ સંગ્રહિત છે. વડાપ્રધાને મોદીએ કહ્યું કે, દેશમાં લોકતંત્ર કેમ સફળ છે. દુનિયામાં ૧૩મી શતાબ્દીમાં મેગ્નાકાર્ટાથી પહેલા જ ૧૨મી શતાબ્દીમાં ભગવાન બસવેશ્વરે લોકસંસદની શરુઆત કરી દીધી હતી. વડાપ્રધાને જણાવ્યું કે દસમી શતાબ્દીમાં તમિલનાડુના એક ગામમાં પંચાયત વ્યવસ્થાનું વર્ણન છે. એ ગામમાં આજે પણ એવી જ રીતે મહાસભા ભરાય છે, જે એક હજાર વર્ષથી ચાલુ છે. સ્એ જણાવ્યું કે ત્યારે પણ નિયમ હતો કે જો કોઈ પ્રતિનિધિ પોતાની સંપત્તિની વિગત નહીં આપે તો તે અને તેના સંબંધી ચૂંટણી નહીં લડી શકે.

પીએમ મોદીએ કહ્યું કે, નવા સંસદ ભવનમાં એવી અનેક ચીજો કરવામાં આવી રહી છે જેનાથી સાંસદોની દક્ષતા વધશે. તેમના વર્ક કલ્ચરમાં આધુનિક્તા આવશે. જૂના સંસદ ભવને સ્વતંત્રતા બાદના ભારતને દિશા આપી તો નવું ભવન આત્મનિર્ભર ભારતના નિર્માણનું સાક્ષી બનશે. જૂના સંસદ ભવનમાં દેશની આવશ્યક્તાઓની પૂર્તિત માટે કામ થયું તો નવા ભવનમાં ૨૧મી સદીના ભારતની આકાંક્ષાઓ પૂરી કરવામાં આવશે. વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપણે યાદ રાખવાનું છે કે લોકતંત્ર જે સંસદ ભવનનું અસ્તિત્વનો આધાર છે, તેના પ્રત્યે આશાવાદને જાગૃત રાખવું આપણા સૌની જવાબદારી છે. આપણે એ હંમેશા યાદ રાખવાનું છે કે સંસદ પહોંચેલો દરેક પ્રતિનિધિ જવાબદારી હોય. તેમની જવાબદારી જનતાની પ્રત્યે પણ છે અને બંધારણના પ્રત્યે પણ છે.

**તા. ૧૧.૧૨.૨૦ ના દિને જે એકાદશી છે તે ત્રીસ્પશા એકાદશી છે. એટલે કે તે દિવસે અગિયારસ, બારસ અને તેરસ એક દીવસે છે. એટલે એ મોટામાં મોટી એકાદશી છે. એનો ઉપવાસ કરવાથી એક હજાર એકાદશી ઉપવાસ કરવાનું પૂણ્ય ફળ મળે છે. માણસ ૪૦ વર્ષ સુધી એકાદશીના ઉપવાસ કરે ત્યારે તેની એક હજાર એકાદશી થાય.**

**એટલે કે ૪૦ વર્ષ નું પૂણ્ય એક જ દિવસ માં પ્રાપ્ત થાય છે. તો તેનો સર્વ ને લાભ લેવા નમ્ર વિનંતી છે.**

## બારામુલ્લામાં આતંકીઓનો ગ્રેનેડ હુમલો, ચાર નાગરિક ઘાયલ

બારામુલ્લા,તા.૧૦

જમ્મુ કાશ્મીરના પુલવામામાં સૈન્ય અને આતંકીઓ વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો. આ દરમિયાન સૈન્યએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. જ્યારે અન્ય આતંકીઓ નાસી જતા તેની શોધખોળ માટે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. આ એક્રાઉન્ટર દરમિયાન એક નાગરિક પણ ઘવાયો છે. દરમિયાન બારામુલ્લામાં ગ્રેનેડ હુમલામાં ચાર નાગરિકો ઘવાયા છે. બારામુલ્લાના પટ્ટન વિસ્તારમાં સિંઘપોરામાં આતંકીઓ દ્વારા ગ્રેનેડ હુમલો કરાયો હતો.

અહીંથી પસાર થઇ રહેલા સુરક્ષા જવાનોના વાહનને ટાર્ગેટ કરીને આ હુમલો કરાયો હતો જોકે ગ્રેનેડ નિશાન ચુકી જતા નાગરિકો પર પડયો હતો જેને પગલે ચાર લોકો ઘવાયા હતા. સૈન્યના જવાનોએ બાદમાં સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. બીજી તરફ એક રિપોર્ટ સામે આવ્યો છે જેમાં દાવો કરાયો છે કે પાકિસ્તાનને હવે ડર છે કે ભારત ગમે ત્યારે બીજી સર્જિકલ સ્ટ્રાઇક કરી શકે છે. જેને પગલે ડરના માર્યા પાકિસ્તાને પોતાના સૈન્યને એલર્ટ કરી દીધુ છે. અગાઉ ઉરીમાં થયેલા હુમલાને પગલે ભારતે સર્જિકલ સ્ટ્રાઇક કરી પાક.માં જઇને આતંકી કેમ્પો ઉડાવ્યા હતા. હાલ જ્યારે સરહદે પાકિસ્તાને તોપમારો વધારી દીધો છે ત્યારે આવી ફરી કોઇ સર્જિકલ સ્ટ્રાઇક થઇ શકે છે તેવા રિપોર્ટને પગલે પાકિસ્તાને ડરના માર્યા પોતાના સૈન્યને સરહદે એલર્ટ કરી દીધુ હોવાના અહેવાલો છે.

સોમવારે સવારે શકરપુરના એક્રાઉંટર બાદ પકડવામાં આવેલા પાંચ શંકાસ્પદ આતંકીઓને કોર્ટે ચાર દિવસ માટે પોલીસ રિમાન્ડમાં મોકલી દીધા છે. એવા અહેવાલો છે કે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ આતંકીઓનો હેતું દેશમાં પાક.ની જાસુસી સંસ્થા આઇએસઆઇના કે-૨ પ્લાનને અંજામ આપવાનો હતો. આઇએસઆઇ પંજાબમાં ટાર્ગેટ કિલિંગને અંજામ આપી રહી છે આ માટે કામ કરી રહેલા શંકાસ્પદ વોન્ટેડ ગેંગસ્ટર સુખમીતની દુબઇ પોલીસ દ્વારા ધરપકડ કરાઇ હોવાના અહેવાલો છે. આઇએસઆઇના કે-૨ પ્લાનમાં તે હવે ખાલિસ્તાની ઉગ્રવાદીઓને આતંકીઓની સાથે ભેળવીને કાશ્મીરમાં હિંસા ભડકાવવા માગે છે તેવા અહેવાલોમાં દાવા કરાયા છે.

## ભારતીય જવાનોના પરાક્રમને જોતા પીએમ ખાને પાક સૈનિકોને એલર્ટ પર રાખ્યા

ઈસ્લામાબાદ,તા.૧૦

ઈમરાન ખાનના ‘ન્યુ પાકિસ્તાન’ને ભારતીય સેનાના પરાક્રમથી એ હદે ડરી ગયા છે કે તેણે પોતાના સૈનિકોને હાઇ એલર્ટ પર રાખ્યા છે. પાકિસ્તાનને ડર છે કે ભારત બીજી સર્જિકલ સ્ટ્રાઇક કરી શકે છે. આ વાતનો ખુલાસો બીજા કોઈએ નહીં પરંતુ પાકિસ્તાની મીડિયાએ કર્યો છે. જીઓ ન્યૂઝે પાકિસ્તાનના અધિકારીઓને ટાંકીને કહ્યું છે કે ભારત ફરી એકવાર પાકિસ્તાન સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવાની તૈયારીમાં છે.

ભારતીય સેના એ ભૂતકાળમાં સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા પાકિસ્તાનની નાપાક હરકતોનો જવાબ સર્જીકલ સ્ટ્રાઈકથી આપી ચૂકી હતી, જેના લીધે પાકિસ્તાનને ભારે હાલાકી વેઠવી પડી હતી. ઈમરાન ખાનની સરકાર હજી એ ડરમાંથી બહાર નીકળી નથી, એવામાં જો ભારત ફરીથી કોઈ મોટી કાર્યવાહી કરશે તો પાકિસ્તાન ખૂબ ખરાબ સ્થિતિમાં પહોંચી જશે. આથી ઈમરાને પોતાની સેનાને હાઈએલર્ટ પર રાખી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે લદાખ અને ડોકલામમાં ઝાટકો લાગ્યા બાદ ભારત નિયંત્રણ રેખા (LoC) અને ભારત-પાકિસ્તાન વર્કિંગ બાઉન્ડ્રી પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે.

હુમલો થવાની સંભાવનાને કારણે પાકિસ્તાનના સશસ્ત્ર દળોને હાઈએલર્ટ પર રાખવામાં આવ્યા છે. ભારત આવું પોતાની આંતરિક સમસ્યાઓથી ધ્યાન ભટકાવવા માટે આ કરી શકે છે. રિપોર્ટ અનુસાર ભારત ખેડૂત આંદોલન અને અન્ય મુદ્દાઓથી આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ભટકાવવા માટે બોર્ડર એક્શન અથવા સર્જિકલ સ્ટ્રાઈકનો સહારો લઈ શકે છે.

### સરકારે આયુર્વેદિક તબીબને સર્જરીની મંજૂરી આપતા આઈએમએ દ્વારા વિરોધ

# જગતના તાત બાદ આજે ૩ લાખ ડોકટરો હડતાળ પર



ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં આજકાલ આંદોલનની મોસમ જામી છે એક તરફ ખેડૂતો કૃષિ કાયદાને લઈને વિરોધ કરી રહ્યા છે ત્યારે હવે આ તરફ દેશભરના ડોકટર્સ હવે સરકારને ઘેરવાના મૂડમાં છે. તાજેતરમાં પ્રાપ્ત થયેલી જાણકારી પ્રમાણે, આવતીકાલે દેશભરના ૩ લાખ ડોકટર્સ હડતાળ પર ઉતરવાના છે. ઉલ્લેખનીય છે કે, આયુર્વેદિક તબીબને સર્જરીની મંજૂરી આપવામાં આવતા સરકારના નિર્ણયનો ઈન્ડિયન મેડિકલ અસોસિએશન દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને આ વિરોધ અંતર્ગત આજે મેડિકલ સેવા બંધનું એલાન આપવામાં આવ્યું છે.

તમને જણાવી દઈએ કે, આજે ભારતભરના ૩ લાખ ડોકટર્સ હડતાળ પાડવાના છે. જેમાં ગુજરાતના ૨૮ હજાર અને અમદાવાદના ૧૦ હજાર ડોક્ટરો પણ જોડાશે. ૧૧મી ડિસેમ્બરે ઈમરજન્સી અને કોવિડ ડ્યુટી સિવાય તમામ ઓપીડી બંધ રાખવાનું આહવાન કરવામાં આવ્યું છે. ૮ ડિસેમ્બર એ તબીબોએ મર્યાદિત સંખ્યામાં અલગ-અલગ ડોકટર્સના જૂથ બનાવી બેનર્સ અને પ્લે કાર્ડ સાથે ડોકટર્સએ વિરોધ કર્યો હતો. સેન્ટર કાઉન્સિલ ફોર ઈન્ડિયન મેડિસિન દ્વારા એક નોટિફિકેશન બહાર પડ્યું છે જેનો વિરોધ ડોકટર્સ કરી રહ્યા છે. આ નોટિફિકેશન અંતર્ગત અનુસ્નાતક કક્ષાના આર્યુવેદીક ડોકટર્સને ૫૮ પ્રકારની સર્જરી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ સર્જરીમાં ડેન્ટલ, ઓર્થોપેડિક, ઈ એન્ડ ટી તેમજ જનરલ સર્જરીનો પણ સમાવેશ થાય છે. નેશનલ ઈન્ટિગ્રેટિડ મેડિકલ અસો.નિર્ણયને આવકાર્યો હતો પરંતુ ઈન્ડિયન મેડિકલ અસોસિએશન દ્વારા સરકારના આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. સરકારના નિર્ણય મુદ્દે આઈએમએ અને એનઆઈએમએછ આમને સામને આવ્યા છે અને આવતીકાલે ૩ લાખ ડોકટર્સ સરકારના આ નિર્ણયના વિરોધમાં હડતાળ પર ઉતરવાના છે.

# સરેરાશ તાપમાનમાં ત્રણ સેલ્સિયસનો વધારો થવાના સંકેત : યુએન અહેવાલ

વોશિંગ્ટન,તા.૧૦

સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલમાં બુધવારે જણાવવામાં આવ્યું છે કે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનનું પ્રમાણ વિક્રમી સ્તરે વધી ગયું છે અને તેને પરિણામે વિશ્વ સરેરાશ તાપમાનમાં ૩ સેલ્સિયસનો વધારો થાય તેવી સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગત વર્ષ દરમિયાન ઉત્તર ધ્રુવ પ્રદેશમાં બરફ ઝડપથી ઓગળી રહ્યો છે તો સાઈબેરિયા અને પશ્ચિમ અમેરિકામાં હીટવેવ અને જંગલોમાં દાવાનળના વધેલા પ્રમાણને જોતાં વિશ્વ આબોહવા પરિવર્તનના દોર તરફ ઝડપથી આગળ વધી રહ્યું હોવાના સંકેત છે.

અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫માં પેરિસ સમજૂતી હેઠળ દેશો ગ્રીન હાઉસ ઉત્સર્જનને ઘટાડવા વચનો આપી ચૂક્યા હોવા છતાં સ્થિતિ અંકુશમાં આવી નથી. વૈશ્વક જળવાયુ પરિવર્તન સંધિએ વિશ્વના સરેરાશ તાપમાનમાં થતા વધારાની રફતારને ઓછી કરીને ૨ ડિગ્રીના સ્તરે લાવવા લાંબાગાળાના ધ્યેયો નક્કી થયા હતા. તે પછી આ સ્તરને ૧.૫ સેલ્સિયસના સ્તરે પહોંચાડવાના લક્ષ્યાંક નક્કી થયેલા છે. પરંતુ વર્તમાનમાં સ્થિતિ એવી છે કે સરેરાશ તાપમાનમાં ૩ સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. વર્ષ ૨૦૧૦થી ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન વાર્ષિક ૧.૪ ટકાને દરે વધી રહ્યું છે. જંગલોમાં દવ લાગતાં ગયા વર્ષે આ સરેરાશ વધીને ૨.૬ ટકા રહી હતી. યુરોપ કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના સંશોધકોએ સોમવારે જણાવ્યું હતું કે નવેમ્બરમાં અત્યારસુધીમાં ક્યારેય ના નોંધાયું હોય તેટલું ઊંચું ગરમી પ્રમાણ નોંધાયું છે.

સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના કાર્યકારી અધિકારી ઈંગર એન્ડરસને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦ માં વિક્રમજનક ગરમી નોંધાઈ છે, બીજી તરફ જંગલમાં દાવાનળ, દુષ્કાળ, વાવાઝોડાની સ્થિતિ વણસી છે. સંયુક્ત રાષ્ટ્ર અને બ્રિટને પેરિસ સમજૂતીને પાંચ વર્ષ થયા પ્રસંગે શનિવારે એક ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવા નક્કી કર્યું છે. આ વર્ષના અંતભાગ સુધીમાં હવામાન પરિવર્તનને નિયંત્રણમાં લેવા વધુ કડક લક્ષ્યાંકો સાથે આગળ વધવા સરકારો પર દબાણ વધે તેવી સંભાવના છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૭૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૨૪૦૮૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪૬૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૦૬૨૨૬**

### કેસોની સંખ્યા ૯૮ લાખની નજીક, હાલ ૩,૭૨,૨૯૩ એક્ટિવ કેસો

# દેશમાં કોરોનાની રફતાર થઇ ધીમી: ૨૪ કલાકમાં ૩૧,૫૨૧ નવા કેસ,૪૧૨ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,તા.૧૦

દિવાળીના તહેવારોમાં કોરોનાવાયરસના સંક્રમણના કેસોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો જે હવે ધીમેધીમે કાબૂમાં આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૫૨૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૧૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૭,૬૭,૩૭૨ થઈ ગઈ છે. ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૯૨ લાખ ૫૩ હજાર ૩૦૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

૨૪ કલાકમાં ૩૭,૭૨૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩,૭૨,૨૯૩ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૪૧,૭૭૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. શેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૫ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૫,૦૭,૫૯,૭૨૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, શનિવારના ૨૪ કલાકમાં ૯,૨૨,૯૫૯ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૩૧૮ નવા કેસ નોંધાયા છે.

સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં કેસમાં ઘટાડો આવ્યો છે. ત્યારે આજે શહેરમાં ૨૬૯અને જિલ્લામાં ૧૧ કેસ નોંધાયા છે. રાજ્યમાં વધુ ૧૩ દર્દીનાં નિધન થતા કોરોનાની કાતિલ રફતાર જોવા મળી છે. રાજ્યમાં અત્યારસુધીમાં કોવિડના કારણે કુલ ૨,૨૨,૮૧૧ દર્દીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. આ સાથે જ અમદાવાદમાં કુલ કેસનો આંકડો ૫૦૦૦૦ને પાર થઈ ગયો છે.

## તંત્રી સ્થાનેથી...

### અમેરિકા- બ્રિટનના નેતાઓ રસી લેવા તૈયાર થતા હોય તો..ભારતના કેમ નહીં..?

વિશ્વભરના દેશો પૈકી અમેરિકામાં કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૨.૨૩ લાખ નવા કેસ સામે આવ્યા છે અનેરે ૩૨૦૦ લોકોના મૃત્યુ થયા છે. હવે કુલ ૩ લાખકેસોની સંખ્યાને આંબવા પર છે. અમેરિકા ની કુલ આબાદી ૩૩ કરોડ છે અને ૧.૫૮ કરોડ કોરોના કેસ નોંધાયા છે. કોરોના વાયરસ વિશ્વભરમાં એવો ત્રાટક્યો છે કે વિશ્વવ્યાપી બંધ કરવા ફરજ પડી. કોરોના મહામારીને કારણે આર્થિક,માનસિક, સામાજીક એમ દરેક ક્ષેત્રમાં વ્યાપક રીતે ગંભીર અસર પડી છે. વિશ્વના દરેક દેશને મોટો ફટકો પડયો છે. તેમાં સૌથી વધુ અર્થતંત્ર પર અસર પડી છે જે કારણે દરેક દેશ કોરોના સામે ભાંગી પડયો છે... તેમાં પણ વધુ પ્રમાણમાં અસર નાના અને વિકાસશીલ દેશો પર પડી છે. જેના પરિણામે વિશ્વને રૂપિયા ૭૭૦ કરોડનું નુકસાન થયું છે. જે ભરપાઈ કરવામાં વર્ષો વીતી જશે. અર્થશાસ્ત્ર, મેડિકલ, પર્યાવરણ, સામાજિક વગેરે ક્ષેત્રોના તજજ્ઞોના અહેવાલ મેળવ્યા બાદ આ વિગતો બહાર આવી છે. ત્યારે ભારતના કેન્દ્રીય મંત્રાલયના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમિતોના ૩૧,૫૨૧ નવા કેસ સામે આવ્યા છે. સાડા ત્રણ દર્દીઓ.. અને કોરોના સંક્રમિત કેસોની કુલ સંખ્યા ૯૭,૬૭,૩૭૧ થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૪૧૨ લોકોના મૃત્યુ થતાં કુલ મૃત્યુ સંખ્યા ૧,૪૧,૭૭૨ થઈ ગઈ છે. અત્યારના સમયમાં ૩,૭૨,૨૯૩ કોરોના સંક્રમિતો સારવાર હેઠળ છે. જ્યારે કોરોનાને મહાત કરનાર વિરલાઓની સંખ્યા ૯૨,૫૩,૩૦૬ થઈ ગઈ છે.આઈસીએમઆરના જણાવ્યા અનુસાર ૯,૨૨,૯૫૯ નમૂનાની તપાસ કરવા સાથે કુલ ૧૫,૦૭,૫૯,૭૨૬ નમુનાઓની તપાસ થઈ ચૂકી છે. ભારતમાં સરકારે કોરોનાથી બચવા ખાસ માર્ગદર્શીકા જાહેર કરી છે તેમજ તેને કાનૂની સ્વરૂપ આપી દીધું છે. જ્યારે કે કોરોના સાંકળ તોડવા લાબો સમય લોકડાઉન કર્યા બાદ કોરોના નિયમોને કાનૂની રૂપ આપવામાં આવેલ છે... અને તેના નિયમ ભંગ અનુસંધાને કરોડો રૂપિયાનો દંડ વસુલવામા આવ્યો છે. મતલબ આજે પણ દેશમાં અનેક જડભરતો-ના સમજદારો માસ્ક પહેરવાથી દૂર રહે છે તે હકીકત સ્વીકારવી પડે....! તે સાથે એ પણ નોંધવું રહ્યું કે આજદિન સુધી જે પણ કોરોના દર્દી સાજા થયા છે તેઓને કોરોના રસી આપેલ નથી કે રસી શોધાયા પછી પણ કોરોના રસીનો ઉપયોગ કોરોના દર્દી પર કરવામાં આવ્યોજ નથી....!

વિશ્વમાં અનેક દેશોમાં કોરોના રસીની શોધ ઝડપથી ચાલી રહી છે. જેમાં ૧૦ જેટલી રસી માટે સફળ થઇ હોવાનો દાવો થઈ રહ્યો છે. તો અમેરિકામાં મોડર્નાની રસી કે જેનું નામ એમઆરએ-૧૨૭૩ રાખવામાં આવ્યું છે તે રસી અને ફાઈનલ રસી સફળ થયાનો દાવો થતા દરેકને આ રસી આપવાની જાહેરાત થઈ પરંતુ મોટાભાગના અમેરિકનોએ તે રસી પર શંકા કરતા લેવા તૈયાર થતા ન હતા... ત્યારે અમેરિકાના ત્રણ પૂર્વ રાષ્ટ્રપતિઓ મોડર્નાની રસી લેવા તૈયાર થઈ ગયા કે જેથી લોકોમાં રસી લેવા વિશ્વાસ પેદા થાય તો એ જ રીતે બ્રિટનના મહારાણી એલિઝાબેથ અને તેમના પતિ પણ રસી લેવા તૈયાર થઈ ગયા જેથી લોકોમાં વિશ્વાસ પેદા થાય. બીજી તરફ ભારતના ત્રણ રસી સફળ થઇ હોવાનો દાવો થયો અને વડાપ્રધાનશ્રીએ રસી શોધ કરનાર ઉત્પાદન કેન્દ્રોની મુલાકાત લીધી અને વિપક્ષો સાથેની મિટિંગમાં કહ્યું કે કોરોના રસી થોડા સપ્તાહમા આવી જશે તેમજ રસીની વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો અમદાવાદમાં સાલ હોસ્પિટલ ખાતે આવેલ કોરોના રસીની ટ્રાયલ શરૂ થઈ ગઈ. તો કેન્દ્ર સરકારે પ્રથમ મેડિકલ સ્ટાફ પછી કોરોના વોરિયર્સ અને ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના રસી આપવામાં આવશે તેવી જાહેરાત કરી. પરંતુ આ રસી રાજનેતાઓ કે નાના મોટા નેતાઓ કે સાંસદો અને ધારાસભ્યોને કેમ પ્રથમ નહીં.....? તેવો સવાલ આમ પ્રજામા ઉઠવા પામ્યો. દરમિયાન રાજસ્થાનના ધારાસભ્યને કોરોના રસી લીધા પછી પોઝિટિવ આવ્યો હોવાના સમાચારે આમ પ્રજામાં રસી માટે અનેક શંકા-કુશંકાઓ ઉદભવવા પામી છે.....! અને થોભો અને રાહ જુઓની માનસિકતામાં આવી ગઈ છે.....! ત્યારે કેન્દ્ર સરકાર કોરોના રસી પ્રથમ રાજનેતાઓ કે સાંસદો અને ધારાસભ્યોને આપી- અપાવીને પ્રજાની શંકાઓનો છેદ ઉડાડશે કે કેમ....?

## ખેડૂત આંદોલન પર બ્રિટને કહ્યું- આ ભારતનો આંતરિક મામલો



કોલકાતા,તા.૧૦

ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલ પર પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરતા બ્રિટને તેને ભારતનો આંતરિક મામલો ગણાવ્યો છે. બ્રિટને કેનેડાથી વિપરિત એ પણ સ્પષ્ટ કરી દીધુ કે ખેડૂત આંદોલન ભારતનો આંતરિક મામલો છે અને તેમાં કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપની જરૂર નથી. આ અગાઉ કેનેડાના પ્રધાનમંત્રીએ ભારતના વિરોધ છતાં ખેડૂત આંદોલન પર ટિપ્પણી કરી હતી. યુકેના વિદેશ, રાષ્ટ્રમંડળ અને વિકાસ કાર્યાલયના પ્રવક્તાએ કહ્યુ કે ખેડૂતોનું આંદોલન ભારતનો આંતરિક મામલો છે. બુધવારે બ્રિટિશ સાંસદમાં પણ આ મુદ્દો ઉઠ્યો હતો. લેબર પાર્ટીના શીખ સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ હાઉસ ઓફ કોમન્સમાં ભારતના ખેડૂત આંદોલન પર સવાલ કર્યા હતા, જેના પર બ્રિટિશ પ્રધાનમંત્રી બોરિસ જહોન્સને કોઈ પ્રત્યક્ષ પ્રતિક્રિયા આપી નહતી. બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જહોન્સને સાંસદ ઢેસીના સવાલના જવાબમાં ભારત-પાકિસ્તાન બંનેનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે નિશ્ચિતપણે ભારત અને પાકિસ્તાન વચ્ચે જે પણ કઈ થઈ રહ્યું છે તેના વિશે અમારી ગંભીર ચિંતાઓ છે, પરંતુ આ મુદ્દો બંને દેશોનો આંતરિક મુદ્દો છે અને ત્યાંની સરકારોએ ઉકેલવાનો છે. હું જાણું છું કે તેઓ (તનમનજીત સિંહ ઢેસી) તે પોઈન્ટની સરાહના કરે છે.

ગત અઠવાડિયે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ ખેડૂત આંદોલન પર નિવેદનો આપ્યા હતા. એક સવાલના જવાબમાં તેમણે આંદોલન પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે કેનેડા દુનિયાભરમાં ક્યાંય પણ થતા શાંતિપૂર્ણ વિરોધના અધિકાર માટે હંમેશા ઊભું રહેશે. ત્યારબાદ ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડાના રાજદૂતને તલબ કર્યા હતા. રાજદૂતને જણાવવામાં આવ્યું હતું કે ભારતીય ખેડૂતો સંબંધિત મુદ્દાઓ પર કેનેડિયન પ્રધાનમંત્રી અને કેટલાક કેબિનેટ મંત્રીઓની ટિપ્પણી ભારતના આંતરિક મામલાઓમાં અસ્વીકાર્ય હસ્તક્ષેપ સમાન છે.

## ખેડૂત આંદોલન સાથે જોડાયો ક્રિકેટર મનદીપ સિંહ, કહ્યું - મારા પિતાને ગર્વ થશે

ન્યુ દિલ્હી,તા.૧૦

પંજાબની રણજી ટીમના કેપ્ટન અને આઈપીએલમાં કિંગ્સ ઈલેવન પંજાબના ખેલાડી મનદીપ સિંહ ખેડૂતોના આંદોલનના સમર્થનમાં આવી ગયો છે. મનદીપ ખેડૂતોના આંદોલન સાથે જોડાવનાર પ્રથમ એક્ટિવ ક્રિકેટર બની ગયો છે. મનદીપ ભારત તરફથી ત્રણ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો છે. દિલ્હીના સિંધૂ બોર્ડર પર ખેડૂતોને સમર્થન કરવા પહોંચ્યો છે અને આંદોલન કરી રહેલા ખેડૂતો સાથે સમય પસાર કર્યો હતો.

મનદીપ સિંહે ખેડૂત આંદોલનને પોતાનું સમર્થન આપતા ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને કહ્યુ કે મેં તે બધા વરિષ્ઠ નાગરિકોને પોતાનું સમર્થન બતાવવા માટે ત્યાં ગયો છું, જે આ ઠંડીમાં શાંતિથી બેસીને પોતાનો વિરોધ કરી રહ્યા છે. આઈપીએલની ૧૩મી સિઝન દરમિયાન મનદીપ સિંહે પોતાને પિતાને ગુમાવ્યા હતા. મનદીપે કહ્યુ કે જો આજે મારા પિતા જીવતા હોત તો તે આ આંદોલનમાં સામેલ થવા માટે જરૂર આવ્યા હોત. તેમને આજે ગર્વ થઈ રહ્યો હશે તે તેમનો પુત્ર પોતાના તરફથી પ્રયત્ન કરી રહ્યો છે. મનદીપ પોતાના મોટા ભાઈ હરવિંદર સિંહ સાથે દિલ્હીની સરહદ પર ચાલી રહેલા કિસાન આંદોલનમાં સામેલ થયો છે.

આ સાથે જ મનદીપ પંજાબના તે હાઈ પ્રોફાઈલ હસ્તીઓના લિસ્ટમાં સામેલ થયો છે જે ખેડૂતોના આંદોલનને સપોર્ટ કરી રહ્યા છે. બોક્સર વિજેન્દર સિંહે ખેડૂતોના સમર્થનમાં ખેલ રત્ન એવોર્ડ પરત આપવાની જાહેરાત કરી હતી. પંજાબના બોક્સર કૌર સિંહ, ગુરુબખ્શ સિંહ સંધૂ અને જયપાલ સિંહે પોતાના પદ્મ શ્રી, દ્રોણાચાર્ય અને અર્જુન એવોર્ડ પરત કરવાનો નિર્ણય કર્યો છે.

ભારત એક્ટિવ કેસના મામલામાં ૯માં નંબરે પહોંચ્યું

## દેશમાં કોરોના ટેસ્ટિંગનો આંકડો ૧૫ કરોડને પાર, પોઝિટીવિટી રેટ ઘટીને ૬.૪૭% થયો

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોના ટેસ્ટિંગનો આંકડો ૧૫ કરોડને પાર પહોંચી ગયો છે. આ સાથે જ પોઝિટીવિટી રેટ પણ ઘટીને ૬.૪૭% થઈ ગયો છે. જેમાં દરરોજ ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૧ હજાર ૨૬ નવા કેસ નોંધાયા, ૩૭ હજાર ૧૫૦ દર્દી સાજા થયા અને ૩૯૬ દર્દીઓના મોત થયા.નવા દર્દીઓ કરતા વધુ સાજા થઈ રહેલા દર્દીઓને કારણે એક્ટિવ કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હવે ૩.૭૦ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે. દેશમાં અત્યાર સુધી ૯૭.૬૭ લાખ કેસ નોંધાઈ ચુક્યા છે. જેમાંથી ૯૨.૫૨ લાખ દર્દી નોંધાઈ ચુક્યા છે, ૧.૪૧ લાખ સંક્રમિતોના મોત થઈ ચુક્યા છે. આ આંકડા ર્દૃદ્બ૧ૈહહ્વૈક.ૈંિ વેબસાઈટ પરથી લેવામાં આવ્યા છે. જાણીતા કવિ મંગલેશ ડબરાલનું બુધવારે દિલ્હી એઈમ્સમાં નિધન થઈ ગયું છે. તેઓ કોરોના સંક્રમિત હતા. ૭૨ વર્ષના ડબરાલ સાહિત્ય એકેડમી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. તેમણે બુઝ ગઈ પહાડ પર લાલટેન, ઘર કા રસ્તા, હમ જો દેખતે હૈ, મુઝે દિખા એક મનુષ્ય, જેવી કવિતાઓ લખી છે.

ઓલ ઈન્ડિયા ડ્રગ એક્શન નેટવર્કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય નીતિ આયોગ અને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને કોવિડ-૧૯ વેક્સિનના ઈમર્જન્સી યુઝના અપ્રૂવલ પ્રોસેસમાં પાદર્શિતા લાવવા માટે કહ્યું છે. દિલ્હીની ૩૩ હોસ્પિટલમાં 80% ICU બેડ્સ કોરોના દર્દી માટે રિઝર્વ રાખવાના આદેશ વિરુદ્ધ હોસ્પિટલ સંચાલકોએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. બુધવારે આ અંગે સુનાવણી થઈ હતી. કોર્ટે દિલ્હી સરકારને તેમના નિર્ણય અંગે વિચાર કરવા માટે કહ્યું છે. અમેરિકન કંપની ફાઈઝરે કહ્યું કે, તે ભારત જેવા દેશ માટે વેક્સિનના અલગ ફોર્મ્યુલા પર કામ કરી રહી થે, જેના માટે ડીપ રેફ્રિજરેશનની જરૂર નહીં પડે. તેને સામાન્ય રેફ્રિજરેટરમાં પણ રાખી શકાશે. ફાઈઝરે ભારતમાં પોતાની વેક્સિન માટે ઈમર્જન્સી અપ્રૂવલ માગ્યું છે. નિષ્ણાતોને એ વાતની ચિંતા હતી કે આ વેક્સિનની -૭૦ ડિગ્રી સેલ્સિયસ પર રાખવા માટે ભારતમાં પૂરતી વ્યવસ્થા નથી. ડિસેમ્બરના આ ૭ દિવસોમાં અત્યાર સુધી ૩૭૦૦થી વધુ લોકો સંક્રમણથી જીવ ગુમાવી ચુક્યા છે. જો કે, છેલ્લા ૩ મહિનાની અંદર મોતના ગ્રાફમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. સપ્ટેમ્બરમાં ૩૨ હજાર ૨૪૬ લોકોના મોત થયા હતા. ઓક્ટોબરમાં આ આંકડો ઘટીને ૨૨ હજાર ૩૪૪ થઈ ગયો હતો. નવેમ્બરમાં ૧૫ હજાર ૧૭ લોકોના મોત થયા છે. દુનિયામાં કોરોનાના વધતા કેસ વચ્ચે દેશ માટે સારા સમાચાર છે. બે દિવસની અંદર ભારત એક્ટિવ દર્દીઓના મામલામાં ૨ સ્ટેપ નીચે આવી ગયું છે. હવે દુનિયાના ટોપ-૧૦ સંક્રમિત દેશમાં ભારત ૯માં નંબરે છે જ્યાં સૌથી વધુ એક્ટિવ કેસ છે.

## રાજસ્થાનના કોટામાં ડિસેમ્બરમાં મહત્તમ તાપમાનનો ૯ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

ન્યુ દિલ્હી,તા.૧૦

ઉત્તર ભારતના ઘણા ભાગમાં તાપમાન સામાન્ય કરતાં નીચે રહ્યું હતું. બિહાર ધુમ્મસના સકંજામાં આવી ગયું છે. પટનાના સામાન્ય તાપમાનમાં ૬.૮ ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે. રાજસ્થાનના કોટામાં ડિસેમ્બરમાં મહત્તમ તાપમાનનો ૯ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. અહીં મહત્તમ તાપમાન ૩૨.૫ રેકોર્ડ નોંધાયું છે. તો આ તરફ ઈન્દોર સહિત મધ્યપ્રદેશના તાપમાનમાં ફરી વધારો નોંધાયો છે. હવામાન વૈજ્ઞાનિક આવું થવા પાછળનું કારણ બંગાળની ખાડીમાંથી આવેલા ભેજને ગણાવી રહ્યા છે. બુધવારે સાંજ પડતા જ હિમાચલના લાહૌલ સ્પીતિના પહાડો સહિત નીચાણ વાળા વિસ્તારમાં પણ બરફવર્ષા શરૂ થઈ ગઈ હતી. ચંદ્રાવેલી, પટ્ટન વેલી, મલંગ ગામમાં ૩ ઈંચ સુધી બરફવર્ષા થઈ. તો આ તરફ કુલ્લૂના ઊંચા શીખરમાં પણ વરસાદ પડ્યો હતો. શિમલામાં રાતનું તાપમાન ૧૦.૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા પાંચ ડિગ્રી કરતા વધુ રહ્યું. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પહાડ પર પડી રહેલી બરફવર્ષાની અસરથી ડિસેમ્બરના બાકીના દિવસોમાં મેદાની વિસ્તારમાં ઠંડી વધી શકે છે.

બંગાળની ખાડીમાંથી ભેજ આવવાના કારણે ઈન્દોર સહિત મધ્યપ્રદેશના મુખ્ય શહેરોમાં તાપમાન ફરી વધ્યું છે. જેની અસર લગભગ ૬ દિવસ સુધી રહેશે. વાદળના કારણે દિવસના તાપામનામાં થોડોક ઘટાડો આવી શકે છે, પણ રાતનો પારો સરેરાશ કરતા ૧-૨ ડિગ્રી વધુ જ રહેશે. આ મહિના અને સિઝનમાં પારો માત્ર ૧૧.૨ ડિગ્રીના જ મિનિમમ લેવલ સુધી ગયો છે. ૨૦ ડિસેમ્બર પછી જ હવામાન ઠંડુ થવાના અણસાર છે. ભોપાલ, જબલપુર અને ગ્વાલિયરમાં મેક્સિમમ ટેમ્પરેચર ૩૦ થી ૩૧ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. ભોપાલમાં શુક્રવારથી ત્રણ દિવસ સુધી હળવો વરસાદ થઈ શકે છે.

હરિયાણાના ઘણા વિસ્તારોમાં ૧૧ અને ૧૨ ડિસેમ્બરે હળવો વરસાદ થઈ શકે છે. હિસારમાં રાતનું તાપમાન ૮.૭ ડિગ્રી, જ્યારે દિવસનું ૨૭.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પશ્ચિમ વિક્ષોભની અસરથી વરસાદ થશે અને અસર ઘટશે તો ૧૩ ડિસેમ્બરથી ફરીથી ધુમ્મસ છવાઈ શકે છે.

અમૃતસર, પઠાનકોટ, ગુરદાસપુર સહિત ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ થવાથી ઠંડક વધી ગઈ છે.ઠંડા પવનથી તાપમાનમાં ૬ ડિગ્રીનો ઘટાડો નોંધાયો. રાતનું તાપમાન ૧૧-૧૨ ડિગ્રી રેકોર્ડ નોંધવામાં આવી રહ્યું છે. બિહારમાં આગામી બે દિવસ સુધી ધુમ્મસની ચાદર છવાયેલી રહેશે. ખાસ કરીને દિવસના ૧૦ વાગ્યા સુધી ધુમ્મસ વધુ રહેશે. આનાથી દશ્યતા પર પણ અસર થશે. ધુમ્મસને કારણે વિમાન તથા ટ્રેનની અવરજવર પર પણ અસર પડી રહી છે. વૈજ્ઞાનિક સુધાંશુ કુમારનું કહેવું છે કે મહત્તમ અને સામાન્ય તાપમાન વચ્ચે અંતર સતત ઘટતું જઈ રહ્યું છે, જેનાથી ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. બુધવારે પટનાના મહત્તમ અને સામાન્ય તાપમાન વચ્ચે માત્ર ૫.૪ ડીગ્રી સેલ્સિયસનું અંતર રહી ગયું. રાજસ્થાનના કોટામાં ડિસેમ્બરમાં મહત્તમ તાપમાનનો ૯ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૫ અને સામાન્ય ૧૩.૩ ડીગ્રી નોંધાયું હતું. આ પહેલાં ડિસેમ્બર ૨૦૧૧માં મહત્તમ પારો ૩૨.૮ ડીગ્રી નોંધાયો હતો. વિઝિબલિટી ૧૫૦૦ મીટર હતી.

## પ.બંગાળમાં ભાજપ અધ્યક્ષ નડ્ડાના કાફલા પર પથ્થરમારો

કોલકાતા,તા.૧૦

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના કાફલા પર ગુરુવારે પશ્ચિમ બંગાળમાં પ્રદર્શનકારીઓએ પથ્થરમારો કર્યો અને રસ્તાને બ્લોક કરવાની કોશિશ કરી. અત્રે જણાવવાનું કે જેપી નડ્ડા પોતાના પશ્ચિમ બંગાળના બે દિવસના પ્રવાસના બીજા દિવસે ડાયમન્ડ હાર્બર જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં તેમની ગાડી પર ટીએમસીના કાર્યકરોએ પથ્થરમારો કર્યો. પ્રદર્શનકારીઓએ ૨૪ પરગણા જિલ્લામાં ડાયમન્ડ હાર્બર પાસે જેપી નડ્ડાના કાફલા પર પથ્થરમારો કર્યો. દરમિયાન કાફલામાં સામેલ ભાજપના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયની ગાડીનો કાચ પણ તૂટ્યો. ભાજપની બંગાળ શાખાએ વીડિયો શેર કરતા આ કૃત્યને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું. આ અગાઉ ભાજપે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર મારપીટનો આરોપ પણ લગાવ્યો. પાર્ટીએ કહ્યું કે ટીએમસી કાર્યકરોએ તેમના કાર્યકરો સાથે મારપીટ કરી. એટલું જ નહીં કાર્યક્રમ સ્થળ પર પાર્ટીના બેનરોને પણ ફાડવામાં આવ્યા. જો કે તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ આ આરોપોને ફગાવ્યા છે.

## સીજેઆઈ બોબડેના માતાની સાથે તેમના જ કેર ટેકરે કરી ૨.૫ કરોડની છેતરપિંડી

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા શરદ અરવિંદ બોબડેના માતા મુક્તા બોબડેને તેમના કેરટેકર દ્વારા ૨.૫ કરોડ રૂપિયાનો ચૂનો લગાવામાં આવ્યો છે. આરોપી તાપસ ઘોષની મંગળવારે રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. નાગપુર પોલીસ કમિશનર (સીપી) અમિતેશ કુમારએ જણાવ્યું હતું કે ડીસીપી વિનિતા સાહુની દેખરેખ હેઠળ એક સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ આ કેસની તપાસ કરી રહ્યા છે. વાત એમ છે કે સીજેઆઈ એસ.એ.બોબડેના માતા મુક્તા બોબડે આકાશવાણી સ્ક્વેર નજીક સીડન લૉનના માલિક છે, જે લગ્ન અને અન્ય કામો માટે ભાડે આપવામાં આવે છે. ૨૦૦૭માં બોબડે પરિવારે તાપસ ઘોષને સીડન લૉનના કેરટેકર તરીકે નિમણૂક કર્યા હતા. તેમને પગાર ઉપરાંત બુકિંગ પર કમિશન મળતું હતું. મુક્તા બોબડેની ઉંમર અને સ્વાસ્થ્યનો લાભ લઈ તાપસ ઘોષ અને તેમની પત્નીએ પૈસાની લેવડ-દેવડમાં હેરાફેરી કરી હતી. નાગપુર પોલીસના સી.પી.અમિતેશ કુમારના જણાવ્યા અનુસાર તાપસ ઘોષે બુકિંગ કરાવ્યું હતું પરંતુ બોબડે પરિવારને પૈસા આપ્યા નહોતા, તાપસે અનેક ગ્રાહકોને કથિત બનાવટી રસીદ પણ આપી હતી. નાગપુર પોલીસના સી.પી. અમિતેશકુમારે જણાવ્યું હતું કે લોકડાઉન દરમ્યાન આ છેતરપિંડીનો ખુલાસો થયો હતો, જ્યારે ઘણા બુકિંગ રદ કરવામાં આવ્યા હતા પરંતુ લોકોને તેમનું રિફંડ મળ્યું નહોતું. ગ્રાહકોની ફરિયાદને પગલે મુક્તા બોબડેએ ઓગસ્ટમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.આ અંગે આર્થિક ગુના વિંગના અધિકારીઓ દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી હતી. સી.પી. અમિતેશ કુમારે કહ્યું કે ૨૦૧૭ બાદથી તમામ બુકિંગની તપાસ કરવામાં આવી હતી, જેમાં પ્રકાશમાં આવ્યું કે તાપસ ઘોષે બોબડે પરિવારને ૨.૫ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડી દીધો છે.

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં ચાલુ રહેલો નરમાઈનો દોર: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૭૨,૪૬૭ સોદામાં રૂ.૧૦,૧૧૭.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો દોર ચાલુ રહી વાયદા વધુ ઘટી આવ્યા હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૮ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૬૫ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાના બાવમાં સેંકડા વધ્યા હતા. કપાસ, સીપીઓમાં સાર્વત્રિક તેજીનો માહોલ હતો, જ્યારે મેન્થા તેલ ઘટી આવ્યું હતું.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૩૪૯૪ સોદાઓમાં રૂ.૫૨૭૩.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૧૩ અને નીચામાં રૂ.૪૮૯૩૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૮ ઘટીને રૂ.૪૯૧૪૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૬ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૪૬૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૨૯ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૩ ઘટીને બંધમાં રૂ.૪૯૧૫૩ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૭૪૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૭૪૭ અને નીચામાં રૂ.૬૨૯૩૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૫ ઘટીને રૂ.૬૩૪૩૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૩ ઘટીને રૂ.૬૩૪૩૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૧૩ ઘટીને રૂ.૬૩૪૩૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૫૧૫ સોદાઓમાં રૂ.૧૭૩૨.૫૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૩૭૭ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૧૬ અને નીચામાં રૂ.૩૩૬૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨ વધીને રૂ.૩૪૦૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૫૮૧ સોદાઓમાં કુલ રૂ.૪૩૨.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૦૮૦ અને નીચામાં રૂ.૧૯૯૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૦ વધીને રૂ.૨૦૦૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૯૬.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫.૪ વધીને બંધમાં રૂ.૯૦૯.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૪૭.૧ અને નીચામાં રૂ.૯૪૨.૨ રહી, અંતે રૂ.૯૪૪.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૮૯ અને નીચામાં રૂ.૧૧૭૦.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦.૫૦ વધીને રૂ.૧૧૮૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૧૧૧ સોદાઓમાં કુલ રૂ.૨૭૩૨.૧૭ કરોડ ની કીમતનાં ૫૫૫૯.૭૩૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૧૩૮૩ સોદાઓમાં કુલ રૂ.૨૫૪૧.૧૯ કરોડ ની કીમતનાં ૪૦૧.૦૪૭ ટન, ક્રૂડ તેલમાં ૪૮૨૧ સોદાઓમાં રૂ.૨૮૦.૧૭ કરોડનાં ૮૨૮૦૦૦ બેરલ્સ, કોટનમાં ૪૯૫ સોદાઓમાં રૂ.૩૯.૮૦ કરોડનાં ૧૯૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૩૦૩૪ સોદાઓમાં રૂ.૩૯૦.૬૪ કરોડનાં ૪૩૫૩૦ ટન, મેન્થા તેલમાં ૧૦ સોદાઓમાં રૂ.૧.૦૨ કરોડનાં ૧૦.૮ ટન, કપાસમાં ૪૨ સોદાઓમાં રૂ.૯૮.૯૬ લાખનાં ૧૬૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૩૫૨.૨૮૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૭૬.૫૧૬ ટન, ક્રૂડ તેલમાં ૧૯૬૦ બેરલ્સ, કોટનમાં ૭૨૯૭૫ ગાંસડી, સીપીઓમાં ૯૮૫૩૦ ટન, મેન્થા તેલમાં ૧૨૨.૦૪ ટન અને કપાસમાં ૬૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૭ અને નીચામાં રૂ.૧૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૬.૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૫ અને નીચામાં રૂ.૫૪૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૮૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૨૭૭.૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૫૪ અને નીચામાં રૂ.૫૦૭૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૨૪૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૬૫૬.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૦૦ અને નીચામાં રૂ.૧૬૫૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૦૪.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧ ખૂલી, ઊપરમાં રૂ.૨ અને નીચામાં રૂ.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૩૭ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૬૭ ખૂલી, ઊપરમાં રૂ.૯૩ અને નીચામાં રૂ.૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૯૨.૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૮.૯ અને નીચામાં રૂ.૭૬.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦.૨ બંધ રહ્યો હતો.

# જન્મદિવસની ખુબ ખુબ શુભકામના



૧૮૯૭ના પ્લેગમાં ૧૮ જણના કુટુંબમાંથી ૧૩ જણા મોતને કોળિયો થયા સંજોગાવશાત કચ્છ છોડીને માની આંગળી ઝાલીને મુંબઇ આવેલા સિદ્દીકભાઇ અબ્બાસ ભાઇ જે પોતે જે જે સ્કૂલ ઓફ આર્ટ્સમાં ભણ્યા તે શાહબુદ્દીન રાઠોડના પિતા. જે માણસ તે જમાનામાં સિરામિક શીખ્યો હોય તેની જરૂર પડી થાનગઢમાં વિકસી રહેલા સિરામિક ટાઇલ્સના વ્યવસાયમાં. અહીં જ મૂળિયાં રોપાયા અને હસીના બહેન સાથે પરણ્યા અને ફરજંદમાં તેમનો ખોળો ભરાયો શાહબુદ્દીન નામના દીકરાથી. શાહબુદ્દીન રાઠોડનું મૂળ થાનગઢ પણ માનસિકતા વૈશ્વિક અને તેનું મૂળ પરિવારમાં મળેલી મોકળાશ. બહેન પણ ખેલ કૂદમાં આગળ પડતી હતી. તેમના પરિવારમાં ત્રણ ભાઇઓ.

જેમની વાતોમાં સતત જિંદગીની ફિલોસુફી સંભળાતી હોય છે તેવા શાહબુદ્દિનભાઇ એવા ગામમાં ઉછર્યા જ્યાં પિપળો પડી જાય તો ય ગામ શોક મનાવે. ઉલ્લાસથી ભરપુર બાળપણમાં ઉછરેલા શાહબુદ્દીનભાઇ આજીવન શિક્ષક રહ્યા, તેમણે આચાર્ય તરીકે પણ શાળા સંચાલન સંભાળ્યું. ૧૯૬૯માં તેમણે પહેલીવાર લીમડી ગામમાં ડાયરામાં હાસ્ય કલાકાર તરીકે વાતો માંડી હતી. પહેલી વાર સતત ત્રણ દિવસ કાર્યક્રમ કર્યા પછી ૭૫ રૂપિયા પુરસ્કાર મળ્યો ત્યારે તેમને આઘાત લાગ્યો હતો કારણકે ત્યારે તો મહિને ૧૪૫ રૂપિયાના પગારે તે શિક્ષક તરીકે કામ કરતા. ગણેશોત્સવ વગેરેના કાર્યક્રમોમાં નાટકોમાં ભાગ લેવો તેમને માટે સાહજિક હતું અને ત્યાંથી જ સ્ટેજ સાથેની દોસ્તી શરૂ થઇ. તેમણે નાટકો લખવાનું ય શરૂ કર્યું. વનેચંદનો વરઘોડો જે તેમનો સૌથી જાણીતો એક્ટ છે તે વનેચંદ ખરેખર તો તેમના ક્લાસમેટ હતા અને મિત્રો સાથે મળીને સ્ત્રી પાત્રો વગરના નાટકો લખતા.

હાસ્ય તો હંમેશા એવું જ હોવું જોઇએ જેમાં મર્યાદાનું સ્તર ઊંચામાં ઊંચું હોય તેવું માનતા શાહબુદ્દીનભાઇએ ભૂતકાળમાં અનેકવાર કહ્યું છે કે કુટુંબના સૌ સભ્યો સાથે બેસી માણી શકે એવું નિર્દોષ હાસ્ય સર્જવું અને રજૂ કરવું તે જ તેમની પ્રતિજ્ઞા છે.

મિત્ર દિનકર મહેતા સાથે શાહબુદ્દિન રાઠોડ. મિત્ર સાથેની તસવીરમાં તો શાહબુદ્દિનભાઇએ હેટ નથી પહેરી પણ આમ તો તે હેટ્સના બાદશાહ છે.

તેમની વાતો સાંભળનારાઓને આઇન્સ્ટાઇન, ગાંધીથી માંડીને બર્ટ્રાન્ડ રસેલના ઉલ્લેખ પણ કાને પડે. અધધધ વાંચન અને એ પણ ગુજરાતી ભાષામાં મર્યાદિત નહીં અને માટે જ દુહા હોય કે છંદ હોય કે પછી શેક્સપિયરની કોઇ વાત કરવાની હોય કે મહાભારતની ગીતાનો શ્લોક ટાંકવાનો હોય બધું શાહબુદ્દીનભાઇના ખજાનામાં હાથવગું જ રહ્યું છે

# ફ્રાન્સમાં ભાગેડુ વિજય માલ્યાની ૧.૬ મિલિયન યૂરોની પ્રોપર્ટી ઈડીએ કરી જપ્ત



નવી દિલ્હી

ભાગેડુ લિકરકિંગ વિજય માલ્યાની ૧.૬ મિલિયન યૂરોની પ્રોપર્ટી (પ્રવર્તન નિદેશાલય) ઈડીએ ફ્રાન્સમાં જપ્ત કરી લીધી છે. ઈડીએ કહ્યું કે, વિજય માલ્યાની ૧૪ કરોડ રૂપિયાની સંપત્તિ ફ્રાન્સમાં એન્ટી મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ જપ્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કિંગફિશર એરલાઈન્સ લિમિટેડના માલિક અને ભાગેડુ લિકરકિંગ વિજય માલ્યા ભારતમાંથી ફરાર છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે, સંપત્તિના નિર્માણ માટે કિંગફિશર એરલાઈન્સ લિમિટેડના બેંક ખાતામાંથી એક મોટી રકમ વિદેશ મોકલવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૧૯માં મની લોન્ડ્રિંગ એક્ટ(PMLA) અંતર્ગત વિજય માલ્યાને કોર્ટે ભાગેડુ અપરાધી જાહેર કર્યો હતો. તે માર્ચ ૨૦૧૬ થી બ્રિટનમાં રહે છે. ભારત સરકારે વિજય માલ્યાના પ્રત્યાર્પણ કરવાના પ્રયાસમાં લાગેલી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત NOG સાહિત્ય સરિતા - ૧ " સથવારો" વિષય અંતર્ગત ગ્રુપ મેમ્બરો ની આજે " ગદ્ય " રચનાઓ...
આયોજક/સંચાલક/તંત્રી : પ્રદીપ રાવલ
વોટસ અપ કોલીગ નંબર : ૯૮૨૪૬૫૩૦૭૩
www.janfariyadnews.com

---

ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા : ૧
વિષય : સથવારો
વિભાગ : ગદ્ય
શબ્દ સંખ્યા : ૨૮૫
શીર્ષક : સાસુ- મા

શ્રેયાનાં લગ્નને હજુ માંડ બે મહિના જ થયાં હતાં. પરંતુ તેનાં ચહેરા પર કોઈ નૂર નહોતું. નવી નવેલી દુલ્હન દિવસે-દિવસે સુકાતી જતી હતી. એવું પણ નહોતું કે તેને સાસરિયામાં કંઈ તકલીફ હતી કે સાસુમા સાથે બનતું નહોતું. ઈશ્વર કૃપાથી ચારે બાજુ સુખ હતું. બંગલો, ગાડી, નોકર-ચાકર બધી જ સગવડો હતી. નાનું કુટુંબ સુખી કુટુંબ હતું. છતાંય શ્રેયા ઉદાસ રહેતી. તેનાં અનુભવી સાસુ રક્ષાબેનને પોતાની નવી વહુની ચિંતા થવા લાગી. તેમણે નોંધ્યું કે, પતિ પત્ની વચ્ચે જરૂર કંઈક બન્યું લાગે છે.

એક દિવસ શ્રેયા રસોડામાં રસોઈ બનાવતી હતી ત્યાં તેનાં સાસુએ વાત- વાતમાં જાણી લીધું કે તેમનાં દીકરાને શ્રેયા ખાસ પસંદ નથી. તે એની સાથે ખપપૂરતી જ વાત કરતો અને દરરોજ રાત્રે મોડો- મોડો ઘરે આવતો. ઘરે આવીને પણ તે ચૂપચાપ સૂઈ જતો. આ વાત જાણ્યા પછી તેની સાસુને દીકરાને વહુનાં સંસારની ચિંતા થવા લાગી. તેઓ સમજદાર હતા, તે જાણતાં હતાં કે આમાં વહુનો કંઈ પણ વાંક નથી. ઓછું ભણેલી અને ગામડાંની શ્રેયા સાથે તેમનાં દીકરાને લગ્ન કરવાની બિલકુલ ઈચ્છા નહોતી. પરંતુ પોતાનાં પિતાનાં વચન નિભાવવા જ તેણે પરાણે શ્રેયા સાથે લગ્ન કર્યા હતાં.

રક્ષાબેન ખૂબ જ વિચાર કરે છે અને વહુને આધુનિક લાઈફસ્ટાઈલ શીખવાડવાનું નક્કી કરે છે. બીજાં જ દિવસે રક્ષાબેન શ્રેયાને લઈને બહાર ગયાં અને પર્સનાલિટી ડેવલપમેન્ટ અને સ્પોકન ઈંગ્લીશનાં ક્લાસમાં તેમની વહુ શ્રેયાનું નામ લખાવી આવ્યા. ઘરે આવીને શ્રેયા તો ગળગળી થઈ ગઈ અને સાસુમાને ભેટી પડી. બીજા જ દિવસથી તેનાં ક્લાસ ચાલુ થઈ ગયાં. શ્રેયા ખૂબ જ હોંશિયાર હતી અને તેને રક્ષાબેનનો પૂરેપૂરો સપોર્ટ મળતો હતો. તે ઝડપથી બધું શીખી ગઈ અને તેનાં પતિની પર્સનાલિટી અનુરૂપ મોર્ડન રીતે રહેવા લાગી. તેનાં પતિએ જ્યારે તેનું નવું સ્વરૂપ જોયું તો આશ્ચર્યચકિત થઈ ગયો અને પોતાની પત્નીની માફી માંગી. ઘરમાં પાછો ખુશીઓનો માહોલ સર્જાઈ ગયો. એક સાસુ વહુનો "સથવારો" બનીને તેનું જીવન ખુશીઓથી ભરી દે છે.

ડો. રેખા શાહ કચોરીયા....મોરબી

---

NOG SS NO : 0055.
શબ્દઃ સથવારો
પ્રકાર : ગદ્ય
સાહિત્ય પ્રકારઃ લઘુ કથા

વીસ વર્ષથી મુંબઈમાં એકલવાયું જીવન જીવતો તુકારામ પોતાની કમાણી ગામડે મોકલી દેતો. રોજ ભોજનાલયમાં જમતો અને ઓરડીમાં ભરાય જતો. તેની જિંદગી નીરસ બની ગઈ હતી. આજે નોકરીએથી પાછા ફરતા પાછલી ચાલીનીવિધવા સંગીતા મળી ગઈ. જાણે થોરના વૃક્ષને ફુલો આવ્યા. એણે પૂછ્યું, " મને લેવા કંપનીની બસ આવે છે, તમારી કંપની રસ્તામાં જ પડે, કહો તો શેઠને વાત કરું પણ બસમાં આવો તો સારું પડે! "

સંગીતાએ હા પાડી...
અને એ નાની એવી ઘટનાને આજે પાંચ વર્ષ થયાં.
તુકારામ અને સંગીતા આજે રોજ પોતાની એક્ટિવા પર જાય છે. જિંદગી બંને માટે કાંટાળો રસ્તો નહિ પણ સુંવાળો સથવારો છે.
શ્રદ્ધા ભટ્ટ..વાપી.

---

NOG SS NO : 005
તુલસીનો ક્યારો
"જેનાં આંગણિયે તુલસીનો ક્યારો,
તેનો સફળ થયો જન્મારો."
રીમા દાદી પાસેથી રોજ આ ભજન સાંભળતી. તેથી લગ્નનાં કરિયાવરમાં તુલસીનાં નાના છોડ સાથેનું એક કુંડુ પણ લઈ ગઈ.
સાસરે તે રોજ તુલસીક્યારે દિવો મૂકતાં તુલસીમાતાને પ્રાર્થના કરતી, "મા, મારા કુટુંબકબીલાનું રક્ષણ કરજે, બધાંનો સથવારો કદીયે ના છૂટે એવી મને સદબુદ્ધિ દેજે."
પણ તુલસીમાતાને ન સમજાયું કે તેના લગ્નજીવન ટકાવી રાખવા મર્સિડીઝનુ મહત્વ કેટલું છે! બસ ત્રણ મહિનામાં તો સાસરિયાં જે રસ્તે તેને લઈ ગયાં હતાં તે રસ્તે પાછા મૂકી ગયાં. રીમાએ પણ નક્કી કરી લીધું, જ્યાં સ્વમાન ન સચવાય ત્યાં હવે પાછા નથી જવું. સાસરેથી આવતાં તે તુલસીનું કુંડુ લાવવાનું ન ભૂલી.
રોજેરોજ મમ્મી-પપ્પાને તેની ચિંતા કરતાં જોઈ રીમા મૂંઝાયેલી રહેવા લાગી. જીંદગી તેને ભારરૂપ લાગવા માંડી.
"હવે આ છોડ એકદમ કરમાઇ ગયો છે. તેને પાણી સિંચવાની મહેનત શું કામ કરે છે?" પપ્પાના શબ્દોથી રીમાનો પાણી રેડતો હાથ અટકી ગયો?. તેને પપ્પાને કહેવાનું મન થઈ ગયું, "પ્રયત્ન તો કરી જોઉં, કદાચ છોડને જીવવાનું મન થઈ જાય!"
તે ઘરમાં આવીને બેઠી, બારીમાંથી કરમાયેલા તુલસીનાં છોડ પર નજર? કરી. જોયું તો એક ઉંદર દોડતું આવ્યું અને તુલસીનાં છોડને ખેદાનમેદાન કરતું ભાગી ગયું.
રીમાને એવો ગુસ્સો આવ્યો, વેલણ ઉપાડીને દોડી ઉંદર પાછળ. થોડે સુધી ગઈ અને એકદમ અટકી ગઈ, પેટમાં પણ ઉંદર દોડતું હતું!
વંદના વાણી

---

NOG NO:-0031
શબ્દઃ-સથવારો
શીર્ષકઃ-એકલતાનો સથવારો

પંચોતેર વર્ષના હીરાબા પતિની અંતિમ વિદાય પછી ઘરમાં સાવ એકલા થઇ ગયેલા,આમ તો ઘરમાં દીકરો,વહુ એમનાં બાળકો હતા પણ બધા પોત પોતાની રીતે નોકરી, ધંધા અને ભણવામાં વ્યસ્ત રહેતા.

કોઇને પણ હીરાબા પાસે બેસીને બે ઘડી વાત કરવાનો પણ સમય નહોતો કારણ કે જેટલો સમય બધાં ઘરમાં હોય ત્યારે પણ સહુ પોતપોતાના મોબાઈલમાં વ્યસ્ત હોય. હીરાબા વિચારતા કે આ મોબાઈલમાં એવું તો શું હશે કે કોઈને તે મૂકવો જ નથી ગમતો?એક દિવસ તેમણે પોતાના કોલેજિયન પૌત્ર રવિને પણ આ જ પ્રશ્ન કર્યો ત્યારે રવિએ કહ્યું કે "બા આજકાલ આ ઇન્ટરનેટ અને સ્માર્ટ ફોન દ્વારા આપણે અવનવી જાણકારી મેળવી શકીએ છીએ પુસ્તકો વાંચી શકીએ છીએ,સોશ્યલ મિડિયાના માધ્યમ દ્વારા આપણે દેશ વિદેશમાં વસતાં આપણા મિત્રો , સગાંવહાલાં? સાથે જોડાયેલા રહી શકીએ છીએ."

આ સાંભળી હીરાબાએ વિચાર્યું કે "આ તો બહુ સારું કહેવાય ઘરમાં બેઠા કેટલી જાણકારી મળે?" તે પોતે આમ તો એમનાં જમાનામાં ગ્રેજ્યુએટ થયેલા હતા એટલે એમણે આ સ્માટે ફોન વાપરતા શિખવાનું નક્કી કર્યું.એમણે એમના પૌત્ર રવિને પોતાને આ ઇન્ટરનેટનો ઉપયોગ કરતાં અને મોબાઈલની બધી ટેકનોલોજી શીખવવા કહ્યું.રવિ પણ દાદીમાની આ નવા જમાના સાથે ચાલવાની વાત સાંભળી ખુશ થઈ ગયો અને થોડા દિવસમાં જ એણે દાદીમાને સ્માર્ટ ફોન વાપરતા શિખવાડી દીધું.દીકરા વહુએ પણ હીરાબાનો
આ ઉત્સાહ જોઇ એમને એક સારી કંપનીના સ્માર્ટ ફોનની ભેટ આપ્યો.

હવે હીરાબા સવારમાં યુટયુબ પર ધાર્મિક કથાઓ, ભજન સાંભળતા અવનવી વાનગીઓ શિખતા,દેશ વિદેશના સ્થળો એમાં જોતા ગૂગલ પર સર્ચ કરી અવનવા પુસ્તકોનું? વાંચન કરતા,આ ઉંમરે પોતે હવે ક્યાંય જઈ શકતા ન હોવાથી જે સગાં સંબંધીઓને મળી ના શકતા તે બધા જોડે તેઓ સોશ્યલ મિડિયા દ્વારા જોડાઇ ગયા અને એમની જોડે વાતચીત થવા લાગી.આમ સ્માર્ટ ફોનનો સથવારો મળતાં હીરાબાની
એકલતા દૂર થઇ ગઇ અને એમનું જીવન ફરી ભર્યું ભર્યું બની ગયું.
મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય'મેઘુ'
રાજકોટ

---

NOG No : 0063
વિષય : સથવારો
વિભાગ : ગદ્ય
પ્રકાર : લઘુકથા
શીર્ષક : એક સવાલ
આજે દૂરના સબંધીને ત્યાં દાદાની તબિયત જોવા ગયા. વાતવાતમાં એમનો પુત્ર બે-ત્રણ વખત બોલ્યો 'બાના ગયા પછી બાપુજીએ છ મહિનામાં ખાટલો ઢાળ્યો.' જ્યાં સુધી બન્ને સાથે હતા, ત્યાં સુધી ક્યારેય કોઈ ફરિયાદ નહોતી સવારથી એમનું સમયપત્રક નક્કી રહેતું. પ્રાતઃકાર્યો, પ્રભુનામ, બપોરા,સાથે મંદિર જવું, રાત્રે સમયસર સૂવું હા,નાની મોટી ચણભણ પણ ખરી. અરે, મારો દીકરો ક્યારેક મજાક પણ કરતો, 'દાદીમા મોઢું ફુલાવીને પણ રાત્રે દાદાજીને હળદરવાળું દૂધ આપવાનું ભૂલે નહી.' વળી, બાપુજી પણ બાની દવાનો સમય ક્યારેય ન ચૂકતાં.બાપુજીને આંખોમાં થોડી તકલીફ તો દરરોજ રાત્રે ધાર્મિક પુસ્તક વાંચવાની જવાબદારી બાએ વર્ષોથી સંભાળી લીધી હતી,પરંતુ એકાએક બાએ બહુ ટૂંકી બિમારીમાં વિદાય લીધી. પછી અમે લોકો કોઈ વાતમાં મણા નથી રાખી. પરંતુ,બાપુજી દિવસે દિવસે જાણે વિલાઈ જવા માંડ્યાં છે. ગઈકાલ સુધી દરેક વાતમાં રસ લેતા, હવે જાણે રસહીન થઈ ગયા છે.
ભાઈ, હજી ઘણું કહેતા હતા...
મને એક સવાલ થયો 'એવું કેવી રીતે થાય? આ કંઈ સ્વીચ થોડી છે, કે ઓન-ઓફ થાય. તો પછી?' દાદાનો જીવનમાંથી રસ સંપૂર્ણ ઉડી ગયો. અમુક ઉંમરે વ્યક્તિ થોડુંઘણું સ્વીકારી જ લ્યે છે, 'ભીત અને કરો બન્ને ક્યારેય સાથે પડતા નથી.'
મેં દાદાને હળવાશથી કહ્યું, 'દાદા હજુતો પૌત્રના લગ્ન માણવા છે, તો કેમ ઢીલા પડી ગયા અને ખાટલો ઢાળ્યો?'
દાદાજીએ, એકપણ ક્ષણના વિલંબ વગર જવાબ આપ્યો.
'બેટા, સથવારો છૂટી ગયો ને...!'
રીટા ભાયાણી.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર.
સાહિત્ય સરિતા- ૧
વિષય : સથવારો
NG No. 0058
શીર્ષક : સમજણનાં સથવારે
પ્રકાર : માઈક્રો ફિક્શન

"કલા કોઈના બાપની જાગીર નથી. સમજ્યો ને? તારી પાસે સંગીત છે અને તારી પેલી ચિબાવલી પાસે ગાવાની કળા છે ને તો મારી પાસે પણ લખવાની કળા છે. તારા જેવાં તો બહુ જોયા. તું તારા રસ્તે ને હું મારા રસ્તે. મને કંઈ તારી પડેલી નથી. શું તું સૂર આપશે તો જ મારી કવિતા.." ગળે ડૂમો બાઝતાં વાક્યને અધૂરું જ રહેવા દઈને વીની પગ પછાડતી રૂમની બહાર નીકળી ગઈ.

વેદાંત વીનીની પાછળ ગયો. "તારી કોઈ ભૂલ થતી લાગે છે. તું સમજે છે એવું કંઈ છે જ નથી..વીની.. વીની સાંભળ.." વેદાંત બબડતો રહ્યો. વીની કંઈ જ સાંભળવાનાં મૂડમાં ન હતી. એનાં અવાજો વીનીનાં બહેરા કાને અથડાઈને પાછા વળ્યાં.

ઘણાં દિવસે વેદાંત અને વીની એક સંગીતનાં કાર્યક્રમમાં ભેગાં થયાં. વેદાંત દોડતો વીની પાસે આવ્યો. "તું જેને ચિબાવલી કહે છે એણે."

"તને કીડની આપી છે. એમ જ ને ? તારા સંગીત વગર મારી કવિતા અધૂરી છે." કહેતાં વીની વેદાંતની આંખો વાંચી રહી. "અને એએએ... તારા શબ્દો વગર મારું સંગીત." વેદાંતનાં વળતા પ્રત્યુત્તરે વીનીની આંખો સાથે હૃદય પણ લાગણીથી છલકાવી દીધું.

"તને સંગીતનાં સથવારે જીવતાં આવડે છે તો મને કલમનાં સથવારે જીવતાં આવડે છે." એવું કહેનાર બન્ને જણ આજે સમજણનાં સથવારે એક થઈ ગયા.
પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

---

NOG SS No.-0014
પ્રકાર-વાર્તા
કપરા સમયનો સથવારો- જીવનસાથી

સત્તર જુલાઈનો દિવસ હતો. આષાઢના કાળા વાદળો ગગનને ઘેરી વળ્યાં હતા. સવારના છ વાગી રહ્યા હતા. મારી નિત્યક્રિયાઓ પૂર્ણ કરી હું શાળામાં જવા નીકળી ગયો હતો, ત્યારે જ અચાનક વીજળીનો ચમકારો થયો અને ગગન ગૂંજવા લાગ્યું. ઊંચે આકાશ તરફ જોયું ત્યાં ઝીણી ઝરમર મુખને સ્પર્શી રહી હતી અને મનના અહ્લાદક આનંદની અનુભૂતિ સાથે મારો હાથ થેલામાં પડેલી છત્રી પર પડ્યો.

વરસાદ મૂશળધાર વર્ષી રહ્યો હતો. રસ્તામાં જતી વેળાએ એક એવું દશ્ય જોવા મળ્યું જેને જોઈ મારા નકારાત્મક વિચારોનો અંત આવ્યો અને સકારાત્મક ઉર્જાનો ઉમળકો ફૂટ્યો. સવારમાં દાતણ વેચવા નીકળેલા પતિ-પત્ની એક બાવળ નીચે ઉભા હતા. બાવળમાંથી નીતરતી પાણીની બુંદો પતિ-પત્નીના દેહને સંપૂર્ણ ભીંજવી રહી હતી. વરસાદથી બચવા બંને પતિ-પત્નીએ સ્ત્રીની ચૂંદડીનાં ફાટેલા પાલવમાં સંતાયા હતા. "ભગવાનની કેટલી દયા છે કે મારી પાસે આટલું તો છે અને બીજો તમારો સથવારો.. જેની પાસે એટલું'ય નહિ હોય તેની કેવી સ્થિતિ હશે?" સ્મિત સાથે મધુર સ્વરે પાલવ તરફ જોઈ સ્ત્રી બોલી અને સામે સ્મિત કરી પુરુષે હકારમાં ડોકું ત્રણ વખત ઝૂલાવતા (ધૂણાવતા)બોલ્યો, "હા, ખરું હો.."
તારા સથવારાના ખેતમાં નવી આશની કૂંપણો જોઈ,સંતોષના ઓડકાર આવે,એવી ગરીબની ઝૂંપડી જોઈ.
જયેશ સંઘાર...ભોજાય,માંડવી







## મુકેશ-નીતા અંબાણી બન્યા દાદા-દાદી

# આકાશ અંબાણી અને શ્લોકા મહેતાના ઘરે પુત્રનો જન્મ

મુંબઈ,તા.૧૦

દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી હવે દાદા બની ચૂક્યા છે. તેમના પુત્ર આકાશ અંબાણીનાં પત્ની શ્લોકાએ આજે સવારે ૧૧ વાગ્યે દીકરાને જન્મ આપ્યો છે. ૯ માર્ચ ૨૦૧૯માં આકાશ અને શ્લોકાના લગ્ન થયા હતા. તેમના લગ્નની ઉજવણી દેશ અને દુનિયાભરમાં ભારે નોંધનીય બની હતી. અંબાણી પરિવારના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભગવાન કૃષ્ણના આશીર્વાદથી શ્લોકા અને આકાશ અંબાણીના ઘરે પુત્રનો જન્મ થયો છે. પ્રથમવાર દાદા-દાદી બનવાથી નીતા અને મુકેશ અંબાણી ઘણા ખુશ છે.

ધીરુભાઈ અંબાણી અને કોકિલાબેન અંબાણીના પૌત્રનું સ્વાગત ખુશીઓ સાથે કરાયું. માતા અને બાળક બન્નેની તબિયત સારી છે. નવા મહેમાનના આગમનથી અંબાણી અને મહેતા પરિવારમાં ખુશીનો માહોલ છે. ગોવાના તાજ એક્ઝોટિકા રિસોર્ટ એન્ડ સ્પામાં આકાશ અંબાણી અને શ્લોકા મહેતાની પ્રી-એન્ગેજમેન્ટ સેરેમની યોજાઈ હતી. આ સમયે બંનેએ ફોટોશૂટ પણ કરાવ્યો હતો. એક અહેવાલ અનુસાર, આકાશ અંબાણીએ આ જ સમયે શ્લોકાને પ્રપોઝ કર્યું હતું. તેણે આ માટે ડાયમંડ રિંગ શ્લોકાને પહેરાવી હતી. એક અહેવાલ અનુસાર, આકાશ અંબાણીએ શ્લોકાને આપેલી ડાયમંડ રિંગની કિંમત ૧ કરોડ રૂપિયા જેટલી છે.

જોકે આ રિંગની કિંમત વધુ હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે. આ સિવાય શ્લોકા કનેક્ટફોરની પણ કો-ફાઉન્ડર છે.

આ સંસ્થા એનજીઓને વોલન્ટિયર્સની સાથે જોડવાનું કામ કરે છે. તેણે ૨૦૦૪થી ૨૦૦૯ની વચ્ચે ધીરૂભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે તો આકાશ અને શ્લોકાની મુલાકાત સ્કૂલમાં થઈ હતી. બન્નેનું સ્કૂલિંગ ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં થયું હતું. સ્કૂલનો અભ્યાસ પૂર્ણ થયા પછી શ્લોકા એન્થ્રોપોલોજીનો અભ્યાસ કરવા માટે અમેરિકાની પ્રિસ્ટન યુનિવર્સિટી ગઈ. એ પછી તેણે માસ્ટર્સ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સથી કર્યું.

# દુનિયાના શ્રેષ્ઠ શિક્ષક રણજીતસિંહ ડિસલેને કોરોના થયો

મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રના સોલાપુરની એક ગ્રામિણ શાળાના શિક્ષક અને ગ્લોબલ ટીચર ઈનામના વિજેતા રણજીતસિંહ ડિસલેને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો છે. એમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવતાં ખળભળાટ મચી ગયો છે. એમણે કહ્યું છે કે એમના સંપર્કમાં આવેલા તમામ લોકોએ કોરોનાનું પરીક્ષણ કરાવી લેવું. ૩૨ વર્ષીય ડિસલેએ ગઈ કાલે રાતે જાહેરાત કરી હતી કે પોતાનો અને એમના પત્નીનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. બે દિવસ પહેલાં ડિસલે મુંબઈ આવ્યા હતા અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે ડિસલેનું સમ્માન કર્યું હતું તો, રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ રાજભવન ખાતે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાર્ટીના પ્રમુખ રાજ ઠાકરે પોતાના નિવાસસ્થાન 'કૃષ્ણ કુંજ' ખાતે બહુમાન કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની યૂનેસ્કો સંસ્થા અને લંડનસ્થિત વાર્કી ફાઉન્ડેશને સ્થાપેલા ગ્લોબલ ટીચર પ્રાઈઝ પુરસ્કાર માટે આ વર્ષે સોલાપુરના પરિતેવાડી ગામની જિલ્લા પરિષદ શાળાના શિક્ષક ડિસલેની પસંદગી કરવામાં આવી છે. ક્યુંઆર કોડવાળા પાઠ્યપુસ્તકોના માધ્યમથી ગ્રામિણ શાળામાં બાળકીઓને ભણાવવાનો નવતર પ્રયોગ ડિસલેએ હાથ ધર્યો છે જે મહારાષ્ટ્ર રાજ્ય નહીં, પરંતુ સમગ્ર દેશમાં પ્રથમ છે. માટે તેમને સાત કરોડ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું છે. આ એવોર્ડ પ્રાપ્ત કરનાર ડિસલે ભારતના પહેલા જ શિક્ષક છે. એમણે ૧૪૦ દેશોના ૧૨ હજાર જેટલા શિક્ષકોને પાછળ રાખીને આ એવોર્ડ જીત્યો છે. એમણે જાહેરાત કરી છે કે પોતે ૫૦ ટકા ઈનામી રકમ ફાઈનલ રાઉન્ડમાં એમની સાથે આવેલા ૯ શિક્ષકો સાથે વહેંચી દેશે.

# ગુજરાતી, મરાઠી, અને અન્ય ભાષાઓમાંના 'સનાતન પંચાંગ ૨૦૨૧ના ઍંડ્રોઈડ ઍપનું ઉદ્ઘાટન

યુવા પેઢી પંચાંગનું અવલોકન કરી રહી છે, આ અતિશય આનંદદાયી બાબત છે. ભારતીય પંચાંગ મનની અવસ્થા સાથે સંકળાયેલું છે અને તેમાંની પ્રત્યેક વાત વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કરેલી છે. વૈદિક કાલગણના અતિશય પ્રાચીન અને અચૂક છે. 'સનાતન પંચાંગ'માં મહાપુરુષોના અવતરણ દિવસ આપેલા છે. જે દૃષ્ટિએ પડે તે દૃશ્ય સ્વરૂપમાં આપણી સામે સિદ્ધ થાય છે અને તેમાંથી પ્રેરણા મળે છે. કાળ અનંત હોય છે. તો પણ સનાતન ધર્મમાં કાળના પરમાણુ થી મહાકલ્પ એવું કાળમાપન કર્યું છે. આટલો વ્યાપક અભ્યાસ અન્ય કોઈપણ સંસ્કૃતિમાં ઉપલબ્ધ નથી. સનાતન ધર્મમાંના આવા અનેક તત્ત્વોને, વૈજ્ઞાનિકતાએ આગળ ધપાવવાની આવશ્યકતા છે. સનાતન પંચાંગના માધ્યમ દ્વારા આ કાર્ય સારી રીતે થઈ રહ્યું છે, એવું પ્રતિપાદન બિહાર ખાતેને વર્લ્ડ એસ્ટ્રો ફેડરેશનના આચાર્ય અશોકકુમાર મિશ્રએ કર્યું છે. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'હિંદુ કાલગણના અને સનાતન પંચાંગની વિશેષતા' આ ઑનલાઈન કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા. આ સમયે સનાતન સંસ્થા નિર્મિત મરાઠી, કન્નડ, ગુજરાતી, તેલગુ અને અંગ્રેજી ભાષાઓમાંના 'સનાતન પંચાંગ ૨૦૨૧'ના ઍંડ્રોઈડ ઍપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મરાઠી ભાષામાંના ઍપનું પ્રસિદ્ધ પંચાંગકર્તા શ્રી. મોહન દાતેના શુભહસ્તે; કન્નડ ભાષાની ઍપનું હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેના શુભહસ્તે; ગુજરાતી ભાષાની ઍપનું પટના (બિહાર) ખાતેના વર્લ્ડ એસ્ટ્રો ફેડરેશનના પ્રા. આચાર્ય અશોકકુમાર મિશ્રના શુભહસ્તે; તેલગુ ભાષાની ઍપનું ઓડિશા ખાતેના માજી પોલીસ મહાનિરીક્ષક શ્રી. અરુણકુમાર ઉપાધ્યાયના શુભહસ્તે; જ્યારે અંગ્રેજી ભાષાની ઍપનું વિમોચન નેપાળ ખાતેના વિશ્વ જ્યોતિષ મહાસંઘના સંસ્થાપક અધ્યક્ષ ડૉ. લોકરાજ પૌડેલના શુભહસ્તે કરવામાં આવ્યું. થોડા દિવસો પહેલાં હિંદી ભાષાના પંચાંગનું ઉદ્ઘાટન મધ્યપ્રદેશ ખાતેના શ્રી ગુપ્તેશ્વરધામના પીઠાધીશ્વર ડૉ. મુકુંદદાસ મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. ઍંડ્રોઈડ અને આયઓએસ પ્રણાલી પર રહેલા સર્વ 'સનાતન પંચાંગ ૨૦૨૧' ઍપ https://sanatanpanchang.com/download-apps/આ લિંક પરથી ડાઊનલોડ કરવા, એવું આવાહન સનાતન સંસ્થાએ કર્યું છે. આ કાર્યક્રમ ફેસબુક અને યુ-ટ્યૂબના માધ્યમો દ્વારા ૩૬,૦૨૭ લોકોએ પ્રત્યક્ષ નિહાળ્યો, જ્યારે ૧,૩૪,૯૪૯ લોકો સુધી પહોંચ્યો.

આ સમયે સદગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળેએ કહ્યું કે, 'હિંદુ પંચાંગ' એ હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો પાયો છે. આપણે અંગ્રેજો અને મુગલોને દેશમાંથી ભગાડી મૂક્યા; પણ ત્યાર પછી આવેલા રાજ્યકર્તાઓએ મહાન હિંદુ કાલગણનાની ઉપેક્ષા કરીને અંગ્રેજી કાલગણનાને મહત્ત્વ આપ્યું. આ એક રીતે પશ્ચિમીઓની સાંસ્કૃતિક ગુલામગીરી સ્વીકારીને દેશની મોટી હાનિ કરી છે. આ ગુલામગીરીમાંથી જનતાને બહાર કાઢીને તેમનામાં હિંદુ ધર્મ, સંસ્કૃતિ, ભાષા, રાષ્ટ્ર ઈત્યાદિ વિશે સ્વાભિમાન અને પ્રેમ નિર્માણ કરવા માટે સનાતન સંસ્થાએ વર્ષ ૨૦૦૫ થી 'સનાતન પંચાંગ'નો આરંભ કર્યો છે. આ નિમિત્તે આપણે બધા નિશ્ચય કરીએ કે, આપણે પોતેનો જન્મદિવસ અને નવું વર્ષ તિથિ પ્રમાણે ઊજવીશું. આ સમયે અન્ય માન્યવર વક્તાઓએ હિંદુ કાલગણના અને પંચાંગનું જીવનમાંનું મહત્ત્વ અંકિત કર્યું.

### સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ

# મોડાસા અને હિંમતનગર નગરપાલિકામાં વહીવટદાર તરીકે ચીફ ઓફિસર નિમણુંક થતા સર્વેસર્વા રહેશે

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની ચૂંટાયેલ પાંખની ૧૪ ડિસેમ્બર અને સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરની નગરપાલિકાની ચૂંટાયેલ પાંખની ટર્મ ૧૨ ડિસેમ્બરે પૂર્ણ થઇ રહી છે રાજ્ય સરકારે ગુજરાતની તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ ત્રણ મહિના માટે મોકુફ રાખવાની ચૂંટણી પંચ થકી જાહેરાત કરાઈ હતી મુખ્યમંત્રી વીજય રૂપાણીએ મુદત પૂર્ણ થતી ૫૧ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી ન યોજાય ત્યાં સુધી વહીવટદાર તરીકે નગરપાલીકા ચીફ ઓફિસરની નિમણુંક કરતાં આખરે મોડાસા અને હિંમતનગર પાલિકામાં નાગરિક સુખાકારી કામો જળવાઈ રહે તે માટે નગરપાલિકા ચીફ ઓફિસર સર્વેસર્વા બની રહેશે જોકે તેઓ નીતિવિષયક નિર્ણય લેવા પર લગામ લગાવી દીધી છે

હવે તાલુકા અને જીલ્લા પંચાયતમાં પણ વહીવટદાર તરીકે કોની નિમણુંક થાય છે તેના પર સૌની નજર મંડરાઈ રહી છે

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુદત અંદાજે ડીસેમ્બર મહિનામાં પૂર્ણ થઇ રહી છે કોરોના સંક્રમણના પગલે ત્રણ મહિના ચૂંટણીઓ પાછી ઠેલાતાં નગરપાલિકા,તાલુકા અને જિલ્લા પંચાયતમાં જેથી હવે વહીવટદાર નિમાશે કે નહીં અને વહીવટદાર તરીકે કોની નિમણુંક થશે તે મુદ્દે સૌની મીટ મંડાઈ હતી ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ચીફ ઓફિસરની વહીવટદાર તરીકે નિમણુંક કરવાની જાહેરાત કરતા મોડાસા અને હિંમતનગર નગરપાલિકામાં વહિવટદારની નિમણુંક થતા હવે બંને નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરનું રાજ આવી જશે. જેને લઈને ચૂંટાયેલા પદાધિકારીઓ પાસેની તમામ સત્તાઓનો ઉપયોગ બંધ થઈ જશે.

રાજ્યની ૫૧ નગરપાલિકામાં ચીફ ઓફિસરને આવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમાં 'અ' વર્ગની ૧૬, 'બ' વર્ગની ૨૩ અને 'ક' વર્ગની ૧૨ એક કુલ ૫૧ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

રાજ્યની કઈ કઈ મહાનગર પાલિકા અને નગરપાલિકામાં વહીવટદાર ની નિમણુંક કરવામાં આવી છે તેની તરફ એક નજર

અમદાવાદ જિલ્લાની ધોળકા અને વિરમગામ નગરપાલિકા, ખેડા જિલ્લાની નડિયાદ અને કપડવંજ નગરપાલિકા, સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા અને લીંબડી નગરપાલિકા, બોટાદ જિલ્લાની બોટાદ નગરપાલિકા, પાટણ જિલ્લાની પાટણ અને સિદ્ધપુર નગરપાલિકા, બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને ડીસા નગરપાલિકા, મહેસાણા જિલ્લાની મહેસાણા, કડી, ઊંઝા અને વિસનગર નગરપાલિકા, સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર નગરપાલિકા, અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકા,ગાંધીનગર જિલ્લાની કલોલ અને દહેગામ નગરપાલિકા, પંચમહાલ જિલ્લાની ગોધરા નગરપાલિકા, દાહોદ જિલ્લાની દાહોદ નગરપાલિકા, વડોદરા જિલ્લાની ડભોઈ અને પાદરા નગરપાલિકા, આણંદ જિલ્લાની આણંદ, બોરસદ, ખંભાત, પેટલાદ અને ઉમરેઠ નગરપાલિકા, તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા, નર્મદા જિલ્લાની રાજપીપળા નગરપાલિકા, ભરૂચ જિલ્લાની ભરૂચ, અંકલેશ્વર અને જંબુસર નગરપાલિકા, સુરત જિલ્લાની બારડોલી અને કડોદરા નગરપાલિકા, કચ્છ જિલ્લાની ગાંધીધામ, ભૂજ, અંજાર અને માંડવી (ક) નગરપાલિકા, દેવભૂમિદ્વારકા જિલ્લાની ખંભાળિયા નગરપાલિકા, મોરબી જિલ્લાની મોરબી અને વાંકાનેર નગરપાલિકા, રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકા, અમરેલી જિલ્લાની અમરેલી, સાવરકુંડલા અને બગસરા નગરપાલિકા, ગીરસોમનાથ જિલ્લાની વેરાવળ-પાટણ, ઉના નગરપાલિકા, જૂનાગઢ જિલ્લાની કેશોદ નગરપાલિકા તથા ભાવનગર જિલ્લાની મહુવા અને પાલિતાણા નગરપાલિકાનો સમાવેશ થાય છે.

### માલપુર પંથકમાં કોરોનાથી દંપતીનું મોત થતા હાહાકાર

# નાનાવાડાના નિવૃત્ત પીએસઆઈ અને તેમની પત્નીને કોરોના ભરખી ગયા



જયંતીભાઈ પંચાલ.



જ્યોત્સનાબેન પંચાલ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોરોના સંક્રમણ અટકવાનું નામ જ લેતું નથી કાળમુખો કોરોના જીલ્લામાં અત્યારસુધી અનેક લોકોને ભરખી ગયો છે સમગ્ર રાજ્યમાં કોરોનાથી મોતનો મૃત્યુદરમાં અમદાવાદ પછી બીજા સ્થાને અરવલ્લી જીલ્લાનો ક્રમ છે સરકારી ચોપડે અરવલ્લી જીલ્લાનો કોરોનાથી સંક્રમીત દર્દીઓનો ૨.૭૦ ટકા જ મૃત્યુદર છે પરંતુ જીલ્લામાં કોરોનાથી થતા મોતનો મૃત્યુદર ૬ ની આસપાસ પહોંચ્યો છે ત્યારે માલપુર તાલુકાના નાનાવાડા ગામના નિવૃત્ત પીએસઆઇ અને તેમની પત્ની કોરોનાગ્રસ્ત થતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાતા દંપતી કોરોના સામે જંગ હારી જતા સમગ્ર પંથકમાં કોરોના સંક્રમણથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે

માલપુર તાલુકાના નાનાવાડા ગામના અને નિવૃત્ત પીએસઆઇ જયંતીભાઈ પંચાલ અને તેમના પત્ની જ્યોત્સનાબેન પંચાલ કોરોનામાં સપડાતા દંપતીને સારવાર અર્થે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયુ હતું કોરોનાગ્રસ્ત દંપતીનું સારવાર દરમિયાન મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી જીલ્લામાં અત્યારસુધી ૮૨ લોકોને કોરોના ભરખી ગયો છે

અરવલ્લી જીલ્લામાં કોરોના થી લોકોના ટપોટપ મોત નીપજી રહ્યા છે સતત લોકો કોરોનાગ્રસ્ત બની રહ્યા હોવા છતાં જાણે કોરોનાનો ડર ના રહ્યો તેમ લોકો સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી ભીડ જમાવી રહ્યા છે.

મોટા ભાગની બેંકોમાં અંદર અને બહાર ભીડ જોવા મળી રહી છે લોકડાઉન બાદ છૂટછાટ દરમિયાન બેંકો બહાર અને અંદર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા દોરેલ સર્કલ પણ ભૂંસાઈ ગયા છે બેંકના કર્મચારીઓ સતત કોરોનામાં સપડાઈ રહ્યા હોવાની સાથે સુપર સ્પ્રેડર બની શકે છે કેન્દ્ર સરકારની વિવિધ સહાયના રૂપિયા બેંકોમા જમા થતા લોકો રૂપિયા ઉપાડવા ધસારો કરતા હોવાથી બેંકો બહાર ભીડ ઉમટી રહી છે

### હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા

# જ્યાં પૂજાનું સ્થાન નથી ત્યાં દેવી દેવતાઓ ના ફોટા હટાવવાનું અભિયાન

હિંમતનગર શહેર ના નાના મોટા કોમ્પલેક્ષ માં કે જ્યાં લોકો થુંક્તા હોય અને એવી જગ્યાઓ પર ફક્ત લોકો થૂંકે નહિ તેવી આશા સાથે હિન્દુ સમાજ ની લાગણી દુભાય એવી રીતે લગાવેલ હિન્દુ દેવી દેવતા ઓનાં ફોટા વાળી ટાઇલ્સ જે આજ રોજ હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા હિંમતનગર ની ટીમ દ્વારા દૂર કરવામાં આવી. હિન્દુ યુવા સંગઠન જિલ્લા અધ્યક્ષ શ્રી સરવિન ભાઈ પટેલ ની આગેવાની માં તાલુકા પ્રમુખ પ્રફુલભાઈ સોની,શહેર પ્રમુખ પ્રતિકભાઈ પટેલ, કેતનભાઈ, યતીનભાઇ, મયુરભાઈ,ગોપિભાઇ,રોનકભાઈ,



દીપરાજસિંહ તમામ પદાધિકારીઓ સાથે રહી આ કાર્ય ને સફળ બનાવ્યું.

# રાજ્યમાં કોરોના વેક્સિન માટે મતદાર યાદીના આધારે ડોર ટૂ ડોર સર્વે શરૂ

ગાંધીનગર,તા.૧૦



અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાની વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે. ત્યારે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી મારફત ૧૦ ડિસેમ્બર(આજથી)થી ૧૩ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવી છે. જેના આધારે આજે વહેલી સવારથી અમદાવાદ,વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં સર્વેની કામગીરે શરૂ થઈ ગઈ છે. આ કામગીરી માટે ચૂંટણી દરમિયાન જે રીતે મતદાન મથકદીઠ ટીમની રચના થાય છે, એ રીતે સર્વે ટીમ બનાવીને કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. સૌથી પહેલા આરોગ્ય વિભાગને વેક્સિન આપવામાં આવશે. રસી આપવા માટે તાલુકા નક્કી કરાયા છે. કોરોનાની રસીકરણની પૂર્વ તૈયારીઓને લઈને વડોદરામાં આજથી ડોર ટુ ડોર સર્વે શરૂ કરાયો છે. વડોદરા જિલ્લામાં ૧૩૧૦ ટીમો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧ જાન્યુઆરી-૨૦૨૧ રોજ જેમની ઉંમર ૫૦ વર્ષથી વધુ છે અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરના, પરંતુ, બિમાર એટલે કે કોમોર્બિડિટી ધરાવતા નાગરિકોના નામ, સરનામા અને મોબાઈલ નંબરનો ડેટા બેઝ તૈયાર કરાશે અને ૧૩ ડિસેમ્બર સુધીમાં સર્વે પૂર્ણ કરીને ૧૪ ડિસેમ્બરે ડેટા એન્ટ્રી સાથે યાદી સરકારને મોકલી દેવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજથી ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. શહેરના ૯૫૮ જેટલા મતદાન બુથ પ્રમાણે ૧ હજારથી વધારે ટીમ દ્વારા ૫૦ વર્ષથી ઉપરના વ્યક્તિ અને ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની ઉંમરના કેન્સર,હૃદય રોગ,કિડની જેવી ગંભીર બિમારી ધરાવતા વ્યક્તિઓની યાદી તૈયાર કરવામાં આવી આવશે અને જ્યારે પણ વેક્સિન આવશે ત્યારે આ યાદીના આધારે તેને વેક્સિન આપવાનું આયોજન ગોઠવવામાં આવશે..મહાનગરપાલિકાની ટીમ દ્વારા જે વિસ્તારમાં સર્વે હાથ ધરવામાં આવે છે તેમાં આવા વ્યક્તિઓના મોબાઇલ નંબર,આધારકાર્ડ નંબર સાથેનો ડેટા તૈયાર કરવામાં આવે છે.

આજથી શરૂ થયેલી કામગીરી ચાર દિવસ સુધી ચાલશે અને ડેટા તૈયાર કરીને યાદી રાજ્ય સરકારને મોકલવામાં આવશે. વેક્સિનેશન માટે રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ આદેશને પગલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો, મહાનગરપાલિકાના કમિશનરો અને આરોગ્ય અધિકારીઓએ તૈયારીઓ આરંભી દીધી છે. આ તમામ અધિકારીઓને હેલ્થ વર્કર્સ, કોરોના વોરિયર્સ, વૃદ્ધો અને કો-મોર્બિડિટી ધરાવતા લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. ગુજરાતના અધિકારીઓ કેન્દ્રની ટીમ સાથે કો-ઓર્ડિનેશન કરીને સાથે મળીને કામ કરવામાં લાગી ગયા છે.

# રાજ્યના કેટલાંક વિસ્તારોમાં માવઠાની કરાઈ આગાહી

ગાંધીનગર,તા.૧૦

રાજ્યના અનેક ભાગોમાં આજે રાત્રિથી હવામાનમાં પલટો આવી શકે તેમ છે અને વાદળછાયુ વાતાવરણની શક્યતા છે. તા.૧૨મી ડિસેમ્બર સુધીમાં દક્ષિણ ગુજરાતના ભાગો, સૌરાષ્ટ્રના કિનારાના ભાગો, મધ્ય ગુજરાતના ભાગોમાં હળવું માવઠું થવાની શક્યતા છે. ઠંડી પણ ઘટવાની શક્યતા છે. અરબ સાગરમાં ચક્રવાતની અસરથી આ માવઠું થવાની શક્યતા છે પરંતુ ચક્રવાતની અસર ગુજરાતના ભાગોમાં ન થતા ચક્રવાત સમુદ્રમાં સમાઈ જાય અથવા ઓમાન તરફ ફંટાઈ જવાની શક્યતા છે. ગુજરાતમાં ઠંડી અંગે હજુ એક સપ્તાહની રાહ જોવી પડે તેમ છે. તા.૧૨ ડિસેમ્બર સુધીમાં જમ્મુ-કાશ્મીર, હરિયાણા, પંજાબ અને રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ભાગોમાં પણ વાદળવાયું, હવામાનમાં પલટો થવાની શકયતા છે. માવઠાની શક્યતાથી જીરા જેવા પાકોમાં પાક સંરક્ષણના પગલાં લેવા સારા. વિપરિત હવામાનની વિષમ અસરના કારણે ઉભા કૃષિ પાકોમાં જીવાત આવી શકે. ઠંડી અંગે વધુ જોતા તા.૧૫,૧૬,૧૭ ડિસેમ્બરમાં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પણ ભારે હિમવર્ષા થવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતમાં ૧૦મીથી ૧૩મી ડિસેમ્બર સુધી છૂટાછવાયા વિસ્તારમાં માવઠું પડી શકે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ૧૦મી બાદ વાતાવરણમાં પલટો જોવા મળશે. ત્યારબાદ ૧૩મીને રવિવાર સુધીમાં ગમે ત્યારે ગમે તે વિસ્તારમાં માવઠું પડી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સુરત, ભરૂચ અને નવસારી-વલસાડમાં જ્યારે સૌરાષ્ટ્ર અને મધ્ય-ગુજરાતમાં વરસાદ પડે તેવી વકી છે. વધુમાં બુધવારે રાજ્યમાં સૌથી નીચું ૧૨.૫ ડિગ્રી તાપમાન વલસાડમાં નોંધાયું છે. નવસારીનું લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયા બાદ બુધવારે વલસાડનું લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યમાં બુધવારે વલસાડમાં સૌથી નીચું ૧૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સુરતની વાત કરીએ તો સુરતમાં રાત્રીનું તાપમાન ૧૮.૬ ડિગ્રી અને દિવસનું તાપમાન ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



**દક્ષિણ ભારત ની ૨૮ વર્ષીય અભિનેત્રી વી.જે. ચિત્રા એ થોડાક દિવસો પહેલા જ સગાઈ કરી હતી અને આજે હોટેલ માં આપઘાત કરી જીવન ટૂંકાવ્યું..**

# ખંભાળિયા હાઈવે ઉપર અકસ્માતે લોક કલાકાર નું મૃત્યુ

રાજ્યમાં દિનપ્રતિ દિન અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે અવી છે. આ ઘટના દ્વારકાની છે જ્યાં ખંભાળિયા હાઈવે ચરકલા હાઈવે રોડ પર વહેલી સવારે કાર વડલા સાથે અથડાતા દ્વારકા તાલુકાના મિઠાપુર ગામ લોકગાયક રમેશ દૂધરેજીયાનું મૃત્યુ થતાં શોકની લાગણી ફરી વળી છે.



મળતી માહિતી અનુસાર, દ્વારકા તાલુકાના મિઠાપુર ગામે રહેતા ગાયક કલાકાર રમેશભાઈ નારણદાસ દૂધરેજિયા ભાણવડ અને ધોરાજી ગામેથી પ્રોગ્રામ પુરો કરી કાર લઈ પોતાના ગામ મીઠાપુર જતા હતા ત્યારે સવારે દ્વારકા ખંભાળિયા હાઈવે ચરકલા રોડ પર પહોચતા ત્યાં હાઈવે ટચ આવેલ એક વડલાના ઝાડ સાથે કાર જોરદાર અથડાતા કારના આગળના ભાગનો ડુચો બોલી ગયો હતો.

ઉલ્લેખીનીય રમેશભાઈ લોહી લુહાણ હાલતમાં નજરે પડેલ હતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોએ દ્વારકા ૧૦૮ને ફોન કરતા તુરંત ઘટના સ્થળે પહોચી હતી. જે બાદ તેમને દ્વારકા સરકારી હોસ્પીટલે લઈ જતા હતા ત્યારે રસ્તામાં જ રમેશભાઈનું રમોત થયુ હતું. અકસ્માતની જાણ થતા દ્વારકા પોલીસે ઘટના સ્થળે દોડી જઇ તપાસ આરંભી છે. ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

### કર્ણાટકમાં ગૌહત્યા નિવારણ કાયદાને અમલી બનાવવા બદલ

# મુખ્યમંત્રીશ્રી બી.એસ. યેદુરપ્પાનો આભાર માનતા ડો. વલ્લભભાઈ કથીરિયા

ગાયને દરેક ધર્મોમાં અતિ પવિત્ર માનવામાં આવે છે. તથા ગાયને ગૌમાતાનું સ્થાન પણ આપવામાં આવ્યું છે. ગાયના દૂધને અમૃત માનવામાં આવે છે ગાયના ગોબર, પંચગવ્ય માંથી પણ અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે. કર્ણાટકના મુખ્યમંત્રી બી.એસ. યેદુરપ્પાએ કર્ણાટકમાં ગૌમાતા અને ગૌવંશ સંરક્ષણ માટે ×ગૌવધ નિવારણ અધ્યાદેશ-૨૦૨૦× ને મંજુરી આપી છે. આ કાયદામાં ગૌહત્યા, ગાય, વાછડા, બળદ (૧૩ વર્ષથી ઓછી ઉંમરના) ની કત્લ પર કર્ણાટક સરકારે પ્રતિબંધ મૂકી દીધો છે. ગૌવંશ પર થતાં અત્યાચારો, ક્રૂરતા તેમજ તેમના કત્લની અમાનવીય ઘટનાઓ પર



પ્રતિબંધ લગાવવાની માંગ છેલ્લા ઘણા સમયથી થઈ રહી હતી. કર્ણાટકની ગૌપ્રેમી જનતાની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈને તેમજ ગૌમાતા, ગૌવંશની રક્ષા અને ગૌ તસ્કરી તેમજ આ પ્રકારના અપરાધો સંપૂર્ણપણે અટકાવવાની ભાવનાથી આ કાયદો ઘડાયો છે. કર્ણાટક સરકારના આ નિર્ણય પર શુભેચ્છા પાઠવી અને આવા ગૌસેવાના કાર્યો વધુને વધુ કરતા રહે તેવી ભાવના રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાએ મુખ્યમંત્રી યેદુરપ્પાને અભિનંદન આપવાની સાથોસાથ કરી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.